आज़ादी का अमृत महोत्सव

G20 भारत 2023 INDIA

INTERNATIONAL YEAR OF MILLETS 2023

# સરકારી વિજ્ઞાન કૉલેજ, વાંકલ

તા. માંગરોળ, જિ. સુરત




# સપ્તપર્ણી

## વાર્ષિક સામયિક

શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩, અંક : ૧






GSC Vankal Family






College Building Gate



Sports Ground



Admin Office



DELL Lab



Library



Staff Room



Assembly Hall



Garden

Academic Year : 2021-22 & 2022-23



# Saptaparni

*An Annual Magazine*

Issue : 1

## GOVERNMENT SCIENCE COLLEGE, VANKAL

Affiliated to Veer Narmad South Gujarat University, Surat

### DEPARTMENT OF EDUCATION

**GOVERNMENT OF GUJARAT**

**Patron**

**Dr. Parthiv K. Chaudhari**

Principal, Government Science College, Vankal

**Editors**

**Dr. Mayuresh Kumar Mishra**
(English & Hindi)

**Dr. Rajesh C. Senma**
(Gujarati)

**Technical Assistance**

**Sunil Chaudhari & Tabassum Kureshi**

Printed At : Parth Computer Graphics, Vyara.

## ૭૫ માં સ્વાતાંત્ર્ય પર્વની ઊજવણીના ભાગરૂપે દેશભકિતના ગીતોની સ્પર્ધા

**કો-ઓર્ડીનેટર : ડૉ. રાજેશ સી. સેનમા**
**ડૉ. મયુરેશ કુમાર મિશ્રા**

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઉજવણી કરવામાં આવી હતી. 75 મા સ્વાતંત્ર્ય પર્વની ઊજવણી નિમીત્તે કોલેજ કેમ્પસમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા રાષ્ટ્ર ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો તથા સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. સ્વાતંત્ર્ય પર્વની ઊજવણી નિમીત્તે કોલેજમાં સપ્તધારા અંતર્ગત ગીત-સંગીત ધારા અન્વયે "દેશભક્તિના ગીતોની સ્પર્ધા" યોજવામાં આવી હતી. કાર્યક્રમમાં કોલેજના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ તથા કોલેજ સ્ટાફ પરિવાર તરફથી દેશભક્તિ ગીતોનું પઠન કરવામાં આવ્યું હતું અને હાજર સૌએ અનેરો દેશપ્રેમ અભિવ્યક્ત કર્યો હતો. સ્પર્ધામાં કુલ ૨૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તમામ વિદ્યાર્થીઓએ તથા સ્ટાફે ત્રિરંગાના રંગોનો પરિવેશ ધારણ કર્યો હતો. આ રીતે એક અનેરો દેશપ્રેમ જોવા મળ્યો હતો. સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન ડૉ. રાજેશ સેનમા એ તથા વ્યવસ્થાપન કોલેજની સપ્તધારા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.



## શિક્ષક દિવસની ઉજવણી

**કો-ઓર્ડીનેટર : ડૉ. રાજેશ સી. સેનમા**
**પ્રો. વનરાજ કાગડા**

સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ ખાતે સપ્તધારા અંતર્ગત 5 સપ્ટેમ્બરના રોજ સ્વતંત્ર ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને બીજા રાષ્ટ્રપતિ (1962-67) ડૉ. સર્વોપલ્લી રાધાક્રિશ્નનની જન્મ જયંતિ નિમિત્તે શિક્ષક દિવસ ઉજવવામાં આવ્યો હતો. ડૉ. રાધાકૃષ્નન એક વિદ્વાન, દાર્શનિક અને શિક્ષક હતા. ઉજવણીના ભાગ રૂપે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વિષયનું અધ્યાપન કાર્ય કરી શિક્ષકની ભૂમિકા ભજવી હતી તથા શિક્ષકના વ્યવસાયનું મહત્વ સમજ્યા હતા તથા જીવનમાં તેમને આદર્શ તરીકે સ્વીકાર્યું હતું. કુલ ૮૦ કરતાં પણ વધારે વિદ્યાર્થીઓએ શિક્ષક દિવસમાં ભાગ લીધો હતો. કૉલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા શિક્ષક દિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ડૉ. રાજેશ સેનમા દ્વારા તમામ વ્યવસાયોમાં સમાજની સેવા કરવા માટે તથા રાષ્ટ્રના નિર્માણ માટે શિક્ષકનો વ્યવસાય શ્રેષ્ઠ છે તેમ જણાવ્યું હતું.



## ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ જન્મદિનની ઉજવણી

**કો-ઓર્ડીનેટર : તૃપ્તીબેન એસ. ચૌધરી**

સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે ગ્રંથાલય વિભાગ દ્વારા ડૉ. એ.પી. જે. અબ્દુલ સાહેબશ્રી કે જેઓ "મિસાઇલ મેન ઓફ ઈન્ડિયા" તરીકે ઓળખાય છે. જેમના જન્મદિવસ તા.૧૫ ઓક્ટોબર ૨૦૨૨ નિમિત્તે વિદ્યાર્થીઓ એમના સફળ જીવન પ્રત્યે માહિતગાર થાય એ હેતુથી નિબંધ સ્પર્ધા અને ઓનલાઇન ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરેલ હતું. નિબંધ સ્પર્ધામાં ૧૩ અને ક્વિઝમાં ૧૨૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબશ્રીએ વૈજ્ઞાનિક તરીકેની કારકિર્દી અને રાષ્ટ્રપતિ તરીકેની સેવા ખુબ જ ઉમદા રીતે પૂર્ણ કરેલ છે એટલે જ તેઓ "મિસાઇલ મેન ઓફ ઈન્ડિયા" અને "લોકોના રાષ્ટ્રપતિ" તરીકે ઓળખાયા છે. ડૉ. કલામના સામાજિક સેવાકાર્યોને ધ્યાનમાં લઈ ભારત સરકાર દ્વારા પદ્મ ભૂષણ, પદ્મ વિભુષણ અને ભારત રત્ન જેવા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. કોલેજનાં આચાર્યશ્રી ડૉ. પાર્થિવ કે ચૌધરી સાહેબ દ્વારા ડૉ. અબ્દુલ કલામના સફળ જીવન અને તેમના દ્વારા તૈયાર કરેલ મિસાઇલો, એમના આદર્શો વિશે જણાવી વિદ્યાર્થીઓને એમના જીવનમાંથી પ્રેરણા લેવા માટે જણાવ્યું હતું.





## ભારતનાં ''સંવિધાન દિવસ'' ની ઉજવણી

**કો-ઓર્ડીનેટર : ડૉ. રાજેશ સી. સેનમા, તૃપ્તીબેન એસ. ચૌધરી**

તા.૨૬/૧૧/૨૦૨૨ ના રોજ ભારતના "સંવિધાન દિવસ" ઉજવણી કરવામા આવી. "સંવિધાન દિવસ" ઉજવણી ના ભાગ રૂપે ગ્રંથાલયમાં ભારતના બંધારણ વિષયને લગતા પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું તથા પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી.








## પ્લેસમેન્ટ કેમ્પ-૨૦૨૩

**કો-ઓર્ડીનેટર : ડૉ. મયુર આઈ. મોરજા I ડૉ. યોગેશ એલ. ચૌધરી**

પ્લેસમેન્ટ કેમ્પ ઉદ્યોગ અને કોલેજ પૂર્ણ કરતા વિદ્યાર્થીઓ વચ્ચે સેતુનું કાર્ય કરે છે. આ અન્વયે ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા વિર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત ખાતે તા. 09/03/2023 ના રોજ પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારી વિજ્ઞાન કોલેજ વાંકલ ના 43 વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટ કેમ્પમાં ભાગ લીધો હતો. કોલેજના પ્રિન્સિપલ (ડો.પાર્થિવ કે ચૌધરી) તથા ટ્રેનિંગ અને પ્લેસમેન્ટ ઓફિસર (ડો. યોગેશ ચૌધરી અને ડો. મયુર મોરજા) દ્વારા મહત્તમ વિદ્યાર્થીઓને નોકરી મળે તેવા પ્રયત્ન કરવામાં આવ્યા હતા. TPO દ્વારા ઘણા ઉદ્યોગોની મુલાકાત લેવામાં આવી હતી અને વેકેન્સીનું કેસીજી પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું.



# National Science Day-2023

### Theme:"Global Science for Global Wellbeing"

**Co-ordinator : Dr. Hemal P. Vankar**

In rememberance of Dr. C. V. Raman, Department of Physics celebrated the National Science Day – 2023 under the aegis of Saptadhara on 28th February 2023. On this day different events namely Scientific Model Making, Poster Presentation, Quiz Competition were organized. Dr. Parthiv Chaudhari, Principal of the college attended as chief guest; All the faculty members were present in the same. Students also actively participated in different events. In the different events, a total 169 participants registered wherein 18 students participated in Scientific Model Making, 29 students in Poster Presentation, 24 students in Quiz Competition, including 78 attendees. Dr. Parthiv Chaudhari encouraged the students and informed them about current scenario of science and technology. Dr. H. P. Vankar, Head Department of Physics, informed about the importance of the theme of National Science Day 2023: "Global Science for Global Well-being". As India currently holds the presidency of G20 for this year, the theme of the National Science Day 2023 is most suitable to the theme of G20 (वसुधैवकुटुम्बकम). The judges scrutinized the top three groups (participants) from each event and awarded them 1st, 2nd and 3rd rank.















## રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી : ૨૦૨૩

**કો-ઓર્ડીનેટર : તૃપ્તીબેન એસ. ચૌધરી**

**12 જાન્યુઆરી: રાષ્ટ્રીય યુવા દિવસ: સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ "ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો"**



વિશ્વભરના યુવાનોના યોગદાનને ઓળખવા અને તેની ઉજવણી કરવાનો દિવસ એટલે યુવા દિવસ. આ દિવસ ભારતમાં ખાસ કરીને મહત્વપૂર્ણ છે, કારણ કે તે રામકૃષ્ણ મિશન અને વેદાંત સોસાયટીના સ્થાપક સ્વામી વિવેકાનંદની જન્મજયંતિને ચિન્હિત કરે છે. સ્વામી વિવેકાનંદ એક આધ્યાત્મિક નેતા અને ફિલસૂફ હતા જેમણે યુવાનોને પોતાના માટે વિચારવા અને તેમના જીવનમાં શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવા પ્રોત્સાહિત કર્યા હતા. તે યુવાનોની પેઢીઓ માટે પ્રેરણારૂપ હતા, અને તેમના ઉપદેશો આજે પણ સુસંગત છે. આ દિવસે, ચાલો આપણે સ્વામી વિવેકાનંદના સંદેશને યાદ કરીએ અને આપણે શ્રેષ્ઠ બનવાનો પ્રયત્ન કરીએ. કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદના જીવનચારિત્ર્ય પર આધારિત વિવિધ પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પુસ્તકોનું વાંચન કર્યું હતું. કોલેજના આચાર્ય પાર્થિવ ચૌધરી, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન કોલેજના ગ્રંથપાલ તૃપ્તિબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી : ૨૦૨૨

**કો-ઓર્ડીનેટર : ડૉ. રાજેશ સી. સેનમા**

સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ ખાતે ૯ મી ઓગસ્ટ "વિશ્વ આદિવાસી દિવસ"ની ઉજવણીના ભાગરૂપે વાર્લી ચિત્ર સ્પર્ધા, આદિવાસી પરંપરાગત વિવિધ વાનગીઓ બનાવવાની સ્પર્ધા, વેશભૂષા સ્પર્ધા તથા આદિવાસી નાચણાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

વેશભૂષા સ્પર્ધામાં વિદ્યાર્થીઓ દ્વારા શ્રીમતી દ્રોપદી મૂર્મુ (પ્રથમ મહિલા આદીજાતિ રાષ્ટ્રપતિ), ભૂરી બાઇ (રાષ્ટ્રપતિ પુરસ્કાર વિજેતા), ઉષાબેન વસાવા (ઓર્ગેનિક ફાર્મિંગ – નારી શક્તિ પુરસ્કાર), વિવિધ આદિવાસી સમુદાયો જેવા કે ચૌધરી, વસાવા, ગામીત, કોકણી જ્ઞાતિના પહેરવેશ વગેરેના પાત્રો વિશે અભિનય કરવામાં આવ્યો હતો.

આદિવાસી નાચણાની સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા પરંપરાગત નાચણાં જેવા કે ચૌધરી, વસાવા, ગામિત, કોકણી, વળવી, રાઠવા જ્ઞાતિના નાચણા અને સમૂહનૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા.

વાર્લી ચિત્ર સ્પર્ધામાંઆદિવાસી સમુદાયના વિવિધ પ્રસંગો જેવા કે લગ્નો, પાકની લણણી, તહેવારોની ઉજવણી, દેવપૂજા જેવા વિવિધ વિષયો પર ચિત્રો દોરવામાં આવ્યા હતા.

ઉજવણીમાં કોલેજના આર્ચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા આદિવાસી રિતરિવાજોને જાળવી રાખવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. કૉલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવ્યો હતો.

### વાનગી સ્પર્ધા: (સ્મોલ સ્કેલ)

પ્રથમ - વૈષ્ણવી એસ. ગવલે, નિધિ એસ. સોલંકી, જાનવી એસ. પટેલ, તનિશા કે. પ્રજાપતિ - એફ. વાય.બી.એસ. સી.
દ્વિતીય - યસ્વી એન. ચૌધરી, પૂજા આઇ. ચૌધરી - એફ. વાય.બી.એસ. સી.
તૃતીય - સના એ. મુલ્લા, મારીયા એ. નુર્ગત, ક્રિષ્ણા આર. ચૌધરી - એસ.વાય.બી.એસ. સી.

### વાનગી સ્પર્ધા: (સ્ટોલ)

પ્રથમ - મિતલ એસ. વસાવા, ભૂમિ એમ. કોસમ્બીયા, નિલય એસ. વસાવા, ધ્રુવલ આઇ. વસાવા, રાજન જે. વસાવા - એમ.એસસી.(બોટની)
દ્વિતીય– હિરલ એન. રાઠવા, વીણા કે. રાઠવા, વિરલ એ. ગામિત, ભૂમિકા કે. વસાવા,હેમાંગિની કે. વસાવા - એમ.એસસી.(ઝૂલોજી)
તૃતીય - જયદીપ કે. પાડવી, ધૃમિલ જે. ભંડારી, નિખિલ આર. ચૌધરી, તરંગ એસ. ધોડીયા - ટી.વાય.બી.એસસી. (ઝૂલોજી)










## વાર્લી પેઇંટીંગ સ્પર્ધા

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વર્ગ |
|---|---|---|
| પ્રથમ | પ્રિયાંસી જી. અટોદરીયયા | ટી.વાય.બી.એસ.સી. (કેમેસ્ટ્રી) |
| દ્વિતીય | ઈશાની જે. ડોડિયા | ટી.વાય.બી.એસ.સી. (માઈક્રોબાયોલોજી) |
| | મિતુલ વી. ગામીત | ટી.વાય.બી.એસ.સી. (માઈક્રોબાયોલોજી) |
| તૃતીય | હિરલ આર. પંચાલ | ટી.વાય.બી.એસ. સી. (માઈક્રોબાયોલોજી) |

## વેશભૂષા સ્પર્ધા:

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વર્ગ |
|---|---|---|
| પ્રથમ | દિક્ષિત નાથાણી | એમ.એસસી. (ઝૂલોજી) |
| | અભિષેક ચૌધરી | એમ.એસસી. (ઝૂલોજી) |
| દ્વિતીય | હિતેશ્વરી માહીડા | ટી.વાય.બી.એસ. સી.(ઝૂલોજી) |
| તૃતીય | પ્રિતી વસાવા | એમ.એસસી. (ઝૂલોજી) |











# વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી : ૨૦૨૨-૨૩

















## ઉદિશા–પ્રકલ્પ : ૨૦૨૨–૨૩

**કો-ઓર્ડીનેટર : ડૉ. નિશાંત એસ. જુન્નરકર**

સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માં ઉદિશા-પ્રકલ્પ હેઠળ વિવિધ વ્યખ્યાયનો તથા સેમીનારનું આયોજન UDISHAના કો-ઓર્ડીનેટર ડૉ. નિશાંત જુન્નરકર તથા સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યા હતા. આ પ્રકલ્પ હેઠળ સ.વિ.કો. વાંકલ તથા અન્ય સંસ્થાઓના તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ અંગેનું સંક્ષિપ્ત વિવરણ નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે:

| ક્રમ | પ્રવૃત્તિ | તારીખ | કોમ્પોનેન્ટ તથા શીર્ષક | તજજ્ઞનું નામ | સંસ્થા |
|---|---|---|---|---|---|
| ૧ | વ્યાખ્યાન | 16.01.2023 | Positive Attitude: Positive Attitude in Daily Life. | ડૉ. જગદીશ પટેલ | સુરજબા કૉલેજ ઓફ એજ્યુકેશન ફોર વીમેન, કડી. |
| ૨ | વ્યાખ્યાન | 16.01.2023 | Positive Attitude: Career Counselling | ડૉ. જગદીશ પટેલ | સુરજબા કૉલેજ ઓફ એજ્યુકેશન ફોર વીમેન, કડી. |
| ૩ | વ્યાખ્યાન | 16.01.2023 | Interview Skills: Preparation and Guidance for GPSC Exam: Environment | ડૉ. રાજેશ સેનમા | સ. વિ. કો. વાંકલ |
| ૪ | વ્યાખ્યાન | 16.01.2013 | Interview Skills: Preparation and Guidance for GPSC Exam: Biodiversity | ડૉ. રાજેશ સેનમા | સ. વિ. કો. વાંકલ |
| ૫ | વર્કશોપ | 03.02.2023 | CV Writing: Basics of CV Writing | ડૉ. નિશાંત જુન્નરકર | સ. વિ. કો. વાંકલ |
| ૬ | વર્કશોપ | 04.02.2023 | CVWriting: Hands on training for CV writing. | ડૉ. સુનીલભાઈ ચૌધરી | સ. વિ. કો. વાંકલ |
| ૭ | વ્યાખ્યાન | 10.02.2023 | Interview Skills: Facing Interviews | ડૉ. મયુર મોરજા | સ. વિ. કો. વાંકલ |
| ૮ | વ્યાખ્યાન | 15.02.2023 | Positive Attitude: Managing Stress with right nutritious food. | ડૉ. નિશાંત જુન્નરકર | સ. વિ. કો. વાંકલ |
| ૯ | વર્કશોપ | 15.02.2023 | Positive Attitude: Millet for healthy life-style | પ્રો. વિરાજ ચૌધરી | સ. વિ. કો. વાંકલ |
| ૧૦ | સેમીનાર | 25.02.2023 | Reading Skills: Reading and Comprehension | ડૉ. મયુરેશ મિશ્રા | સ. વિ. કો. વાંકલ |
| ૧૧ | સેમીનાર | 25.02.2023 | Interpersonal Skills: Importance of Soft Skills in Professional Development | ડૉ. મયુરેશ મિશ્રા | સ. વિ. કો. વાંકલ |
| ૧૨ | સેમીનાર | 25.02.2023 | Basic English: English Language Skills for Competitive Exams | ડૉ. મયુરેશ મિશ્રા | સ. વિ. કો. વાંકલ |
| ૧૩ | વ્યાખ્યાન | 26.02.2023 | Positive Attitude: Stress Management | પ્રો. સંજય પંડયા | નવયુગ સાયન્સ કૉલેજ, સુરત |
| ૧૪ | સેમીનાર | 21.03.2023 | Interview Skills: Preparation and Guidance for GPSC Exam | ડૉ. વનરાજ કાગડા | સ. વિ. કો. વાંકલ |

**પ્લેસમેન્ટ કેમ્પ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પ્લેસમેન્ટ કેમ્પ કૉલેજ કક્ષાએ | 02.09.2022 | Placement | Company Representatives | Companies invited by College |
| ૨ | પ્લેસમેન્ટ ફેર ૨૦૨૩ યુનિવર્સીટી કક્ષાએ | 09.03.2023 | Placement | Company Representatives | Companies invited by College |











## SCOPE CEPT Examination 2022-23

**Co-ordinator : Dr. Mayuresh Kumar Mishra**

As part of the initiative of Government of Gujarat, SCOPE (Society for Creation of Opportunities through Proficiency in English) under the aegis of KCG (Knowledge Consortium of Gujarat) conducts internationally recognized English Language Proficiency Tests at regular intervals for the Undergraduate students. Government Science College,Vankal being a DELL Lab center organized the CEPT (Cambridge English Placement Test), a test which assesses the proficiency of English Reading and Listening Skills, from4th February to 7th February 2023. A total 410 students appeared in the exam comprising 294 students from Government Science College, Vankal and 116 students from Government Arts College, Vankal. The CEPT test provides 6 levels- A1, A2, B1, B2, C1, and C2 in accordance with CEFR (Common European Framework of Reference) and has been designed by Cambridge English Qualifications, UK. As the feedback from the students showed, the test not only assessed the proficiency level of the students it also encouraged them to master English communication skills.

## રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ : ૨૦૨૨

**કો-ઓર્ડીનેટર : ડૉ. નિશાંત એસ. જુન્નરકર**
**ડૉ. ધર્મેશ એચ. મહાજન**

સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ અને ડિસ્ટ્રિક્ટ ટોબેકો કંટ્રોલ સેલ, સુરત જિલ્લા પંચાયત ના સંયુક્ત ઉપક્રમે "રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ-2022" હેઠળ કોલેજના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ક્વિઝ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન 21-22 જુલાઈ, 2022 ના રોજ કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડો. પાર્થિવ ચૌધરી સાહેબ એ આ પ્રસંગે વિદ્યાર્થીઓને તમાકુ અને તમાકુ આધારિત ઉત્પાદનોના સેવનથી દૂર રહેવા પ્રેરિત કર્યા હતા. આ કાર્યક્રમમાં કેમેસ્ટ્રી વિભાગના અધ્યક્ષ ડો. ધર્મેશ મહાજન અને ડો. નિશાંત જુન્નરકર એ કો-ઓર્ડીનેટર તરીકેની સેવા આપી હતી તથા તેમણે કોલેજના વીઝીટીંગ અધ્યાપક કુ. મોનાલીબેન સાંગડોટ અને કુ. શ્રુજલબેન ચૌધરી તથા અન્ય અધ્યાપકો સાથે મળીને આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

આ સ્પર્ધાઓમાં કોલેજના કુલ 145 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાઓના વિજેતાઓ આ પ્રમાણે હતા:

1. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ સ્થાન-ભાર્ગવ ચૌધરી, બીજું સ્થાન-આનંદી ઠાકોર અને ત્રીજું સ્થાન -નિકિતા ચૌધરી એ પ્રાપ્ત કર્યું હતું.
2. નિબંધ લેખન સ્પર્ધામાં પ્રથમ સ્થાન-દિશા ભાટી, બીજું સ્થાન -તૈયબા શેખ અને ત્રીજું સ્થાન-દિવ્યાંગ ચૌધરી એ પ્રાપ્ત કર્યું હતું.
3. ક્વિઝ સ્પર્ધામાં પ્રથમ સ્થાન-જહાનવી કોસમિયા, બીજું સ્થાન-નીરજ ચૌધરી અને ત્રીજું સ્થાન-હેમંત ચૌધરી એ પ્રાપ્ત કર્યું હતું.

આ કાર્યક્રમ માટે સાધન સામગ્રી તથા ઈનામો સુરત જિલ્લા પંચાયતના ડિસ્ટ્રિક્ટ ટોબેકો કંટ્રોલ સેલના આરોગ્ય અધિકારી શ્રી ભગીરથસિંહ ડાયમા દ્વારા ઉપલબ્ધ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે વિજેતાઓને ઈનામોનું વિતરણ આચાર્યશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.







## Undergraduate Capacity Building Cell (UG-CBC)

**Co-ordinators : Dr. Anil Kumar Singh**
**Dr. Rajesh C. Senma**

Undergraduate Capacity Building Cell (UG-CBC) of Government Science College, Vankal has been established with the support of Gujarat State Biotechnology Mission (GSBTM). Its purpose is to organize crash workshops for students and help them prepare for national level competitive exams in life sciences and secure admissions in institutes of national repute.

UG-CBC successfully conducted its maiden 12 day residential CRASH WORKSHOP for students from 1st -12th February 2023

Network of Biotechnology Capacity Building Cells (N-BT CBC) of

Gujarat State Biotechnology Mission (GSBTM)

Sponsored

12 day intensive

"CRASH WORKSHOP"

(1st – 12th February 2023)















129 Participants

6 Colleges

115 hours of lectures

40 Resource persons

# G20 Activities : 2022-23

U20 AHMEDABAD 2023

G20 भारत 2023 INDIA

वसुधैव कुटुम्बकम्

ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

Y20 भारत 2023 INDIA

**Co-ordinators : Dr. Hemal P. Vankar**

The Group of Twenty (G20) is a premier forum for International economic cooperation, comprising 19 countries and the European Union, representing the world's major developed and emerging economies. Presently, India holds the Presidency of G20 from 1 December 2022 to 30 November 2023 with the theme of "वसुधैवकुटुम्बकम"(One Earth, One Family, One Future). It emphasizes that colleges should undertake activities to ensure students participation to make them a part of India's G20 endeavor. With the aim to inspire and motivateas well as providethe students a good learning platform, several activities have been performed at the college level under the guidance of Dr. H. P. Vankar, Assistant Professor and Head of the Physics Department, who happens to the Nodal Officer of GSC, Vankal for the G20 programme.

The different activities and events have been organizedon different days as part of the celebration of India's G20 Presidency such as Essay Writing on the theme of "वसुधैवकुटुम्बकम",Debate Competition on thetopic "Is India Contributing Enough to Global Economy?",Youth 20 (Y20), Urban 20 (U20) etc.All the Heads and visiting faculties from various departments were invited and present in all G20 events. Students actively participated in these events.Dr. Parthiv Chaudhari, Principal of Government Science College, Vankal informed students about the importance and vision of India's G20 presidency.On the basis of the event title and its theme, Dr. HemalVankarmade the students aware through the power point presentation and encouraged the participants and attendees.The judges of different events scrutinized the top three teams/ participants and awarded them 1st, 2nd and 3rd rank to promote active participation in G20 events. Additionally, the organizers collected feedback from the students regarding their experience and opinions on the G20 events.

## Glimpses of G20 Events:
















## Entrepreneurship Capacity Building Cell (E-CBC)




**Co-ordinators : Dr. Anil Kumar Singh**
**Dr. Meghna Adhvaryu**

Entrepreneurship Capacity Building Cell (E-CBC) of Government Science College, Vankal in association with Gujarat State Biotechnology Mission (GSBTM) and Savli Technology and Business Incubator (STBI) invited innovative ideas from ideates, innovators and start-ups for pre-incubation support, screened the proposals and finally funded three best ideas for proof of idea and prototype development.

### Our Innovators




Total Funding Received 10 L | 13 Proposals Received | 3 ideas Funded | Funds Disbursed 9 L

## Standard Club Activities: Academic Year 2022-23

**Co-ordinators : Dr. Anil Kumar Singh**

GSC Vankal Standards Club of Government Science College, Vankal has been established with support of Bureau of Indian Standards (BIS) Surat Branch. Its purpose is to organize different activities to sensitise students towards importance of standards in our daily life.

During the academic year 2022-23 a number of different activities were organized by the standards club.


Student Sensitization Seminar and Standard Writing Competition
23-24 August 2022 | Total participants: 213


Orientation Program for D to D Campaign of BIS
29December 2022 | Total participants: 122



Industrial Exposure Visit
29 December 2022 | Total participants: 21



World Consumer Day Celebration
15th March 2023 | Total participants: 257

## UTTHAN: SSIP (Student Start-up & Innovation Program)

**Co-ordinators : Dr Meghna Adhvaryu | Dr. Anil Kuma Singh | Prof. HardikTadvi**

Out college became grantee in last phase (2021-22) of SSIP 1.0 policy (Govt. of Gujarat) where 30 lakhs were granted to the college for the innovation and start-up purpose. Our college has successfully completed the 5 POCs (Proof of Concept) projects in last one year 2022-23. Also Marketing Strategies for Agricultural Products to Empower Farmers as Entrepreneursworkshop (2021) was organised to empower our students in the agriculture sector. UTTHAN is the SSIP cell of our college, where our college has been privileged again to be grantee and pre-incubator centre of Surat district area for SSIP 2.0 (2022-23) with the grant of 40 lakhs rupees for next 5 five years to work in the areas like innovation, start-up and patent filling.










## Innovation Club Training Program 2022

**Co-ordinators : Dr. Meghna Adhvaryu | Dr. Anil Singh | Dr. Hemal P. Vankar**

Innovation Club Training was organized by Junior STEM and Robotics from STEMbotix in STEM, Robotics, and Drone Technology to the participants. The training sessions were quite innovative, interesting, and inspiring to the participants giving them an opportunity to explore and express their inner potential towards innovative skills. Ideas from disciplines such as Electronics, Coding, Mechanics, 3D Pen Technology, Robotics, Prototyping, Gears, Structures, and Aviation Technology were incorporated and utilized in the practice sessions.







# સપ્તધારા રંગકલા કૌશલ્ય ધારા અને સર્જનાત્મક અભિવ્યકિત ધારા અંતર્ગત મહેંદી, આરતી થાળી શણગાર, કેશ ગૂંથણ અને 'વેસ્ટ માંથી બેસ્ટ' બનાવવાની સ્પર્ધાઓની ઉજવણી.

કો-ઓર્ડીનેટર : ડૉ. રાજેશ સી. સેનમા

તા. 20/08/2022 ના રોજ સપ્તધારા – રંગકલા કૌશલ્ય ધારા અને સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત મહેંદી, આરતી થાળી શણગાર, કેશ ગૂંથણ અને વેસ્ટમાથી 'વેસ્ટમાંથી બેસ્ટ' બનાવવાની સ્પર્ધાઓની ઊજવણી કરવામાં આવી હતી. મહેંદી સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પરંપરાગત મહેંદી ઉપરાંત સર્વધર્મ સમભાવ, બેટી બચાવો, જન્માષ્ટમી જેવા વિચારો મહેંદીના માધ્યમ દ્વારા રજૂ કર્યા હતા. આરતી થાળી શણગાર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પરંપરાગત ઉપયોગમાં આવતી વસ્તુઓ સિવાય અન્ય સામગ્રી દ્વારા પણ અવનવી ભાતમાં આરતી થાળી શણગારી હતી. કેશ ભૂંથણના સ્પર્ધામાં દુલ્હન, વેસ્ટર્ન અને અન્ય પ્રકારના કેશ ગૂંથણ ગુંથ્યા હતા. 'વેસ્ટમાંથી બેસ્ટ' બનાવવાની સ્પર્ધામાં બિનઉપયોગી, બિનજરૂરી અને પ્લાસ્ટિક જેવી પ્રદૂષણ કરતી વસ્તુઓમાંથી ખૂબ જ નજીવા ખર્ચે ફૂલદાની, ફોટોફ્રેમ, પેપર બેગ, ઝૂમ્મર, શૉ-પીસ જેવી અનેક વસ્તુઓ બનાવી પોતાની સર્જનશક્તિનું પ્રદર્શન કર્યું હતું. આરતી થાળી શણગારમાં કુલ 24,મહેંદી સ્પર્ધામાં 35 તથા કેશ ગૂંથણ સ્પર્ધામાં 10 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકેની ભૂમિકા ડૉ. ધર્મેશ મહાજન, ડૉ. રાજેશ સેનમા, ડૉ. મેધના અધ્વર્યુ, ડૉ. નિશાંત જુન્નરકર, ડૉ. અનિલ સિંઘ, ડૉ, પુષ્પા શાહ, કુમાર ગામીત, દિલિપ ભાયાણી, વનરાજ કાગડા, હેમલ વણકર, વિરાજ ચૌધરી અને મયુરેશ મિશ્રાએ ભજવી હતી. તમામ સ્પર્ધાઓનું સફળ સંચાલન સપ્તધારા સમિતિના કોઓર્ડીનેટર ડૉ. રાજેશ સેનમા અને સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

**આરતી થાળી શણગાર:**

(૧) ભારતી આર. વસાવા, એન્જલ આર. ગામીત (ટી.વાય.બી.એસ.સી. રસાયણશાસ્ત્ર)
(૨) ભાવીશા એમ. રાણા, વંદના એમ. પટેલ (ટી.વાય.બી.એસ.સી. માઈક્રોબાયોલોજી)
(૩) અનુજા ચૌધરી, મિનાક્ષી ચૌધરી (એસ.વાય.બી.એસ.સી. માઈક્રોબાયોલોજી)

**કેશ ગૂંથણ:**

(૧) રીંકલ જે. ચૌધરી (ટી.વાય.બી.એસ.સી. પ્રાણીશાસ્ત્ર)
(૨) હર્ષિકા એલ. ગામીત (ટી.વાય.બી.એસ.સી. ગણિતશાસ્ત્ર)
(૩) પંકજ સેન (ટી.વાય.બી.એસ.સી. રસાયણશાસ્ત્ર)

**મહેંદી સ્પર્ધા:**

(૧) પરિમા ગામીત (એસ.વાય.બી.એસ.સી. પ્રાણીશાસ્ત્ર - વનસ્પતિશાસ્ત્ર) (૨) ખૂશ્બુ એન. પટેલ (ટી.વાય.બી.એસ.સી. માઈક્રોબાયોલોજી)
(૩) પ્રીતિ વી. ચૌધરી (ટી.વાય.બી.એસ.સી. વનસ્પતિશાસ્ત્ર)








## સપ્તધારા - ખેલકુદ, વ્યાયામ અને યોગાધારાફીટ ઈન્ડીયા તથા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સ્પોર્ટ્સ વીક - ૨૦૨૨-૨૩ ની ઉજવણી

**કો-ઓર્ડીનેટર : ડૉ. યોગેશ એલ. ચૌધરી**



સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ ખાતે સપ્તધારા અંતર્ગત ખેલકૂદ, વ્યાયામ અને યોગધારા તેમજ ફિટ ઈન્ડીયા તથા આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે 100 મીટર દોડ, કબડ્ડી, ખો-ખો, બેડમિન્ટન, ચેસ, વોલીબોલ, યોગાસન તથા ક્રિકેટ જેવી સ્પર્ધાઓનું ઈન્ટર ક્લાસીસ ટુર્નામેન્ટનું આયોજન કરી ઉજવણી કરવામાં આવી હતી. આચાર્યશ્રી ડૉ. પાર્થિવ કે. ચૌધરીના હસ્તે કૉલેજના પરીસરમાં આવેલ નાંદરવા દેવની પરંપરા મુજબ પૂજા બાદ કૉલેજના મેદાનમાં ૧૦૦ મીટરદોડ ટ્રેક પર શ્રીફળ વધેરવામાં આવ્યું.

સ્પર્ધાના ખેલાડીઓને કોલેજના આચાર્યશ્રી દ્વારા શારીરિક શિક્ષણનું મહત્વ સમજાવી, અભ્યાસની સાથે-સાથે રમત-ગમત ક્ષેત્રે પણ આગળ વધી પોતાનુ અને કોલેજનું નામ રોશન કરવા ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી તેમજ કોરોના મહામારીમાં વિદ્યાર્થીઓને શારીરિક તથા માનસિક રીતે સ્વસ્થ રહેવા આહવાન કર્યા. ત્યારબાદ સામુહિક રાષ્ટ્રગાન કરી ક્રિકેટ ગ્રાઉન્ડના તમામ સ્ટાફ તથા બધા વિદ્યાર્થીઓએ બે રાઉન્ડ દોડ પુરી કરી અને અન્ય સ્પર્ધાઓને ખુલ્લી મુકવામાં આવી.

સ્પોર્ટ્સ વીક દરમિયાન શારીરિક શિક્ષણ વિભાગના પ્રા. ડૉ. વાય. એલ. ચૌધરી તથા ખેલકૂદ, વ્યાયામ અને યોગધારા સમિતિના પ્રા. કુમાર ગામીત, પ્રા. મયુર મોરજા, પ્રા. અબુ સુફિયાન અને ગ્રંથપાલ તૃપ્તિ ચૌધરી તથા વહીવટી વિભાગના શ્રી વિપુલ પટેલ સહિત સમગ્ર કોલેજ પરિવાર દ્વારા તમામ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને કોલેજના આચાર્યશ્રી ડૉ. પાર્થિવ કે. ચૌધરીના હસ્તે પ્રમાણપત્રથી સન્માનિત કર્યા.

### વિજેતા ટીમ:

| ક્રમ | રમતનું નામ | ચેમ્પિયન ટીમ | રનર્સ-અપ ટીમ |
|---|---|---|---|
| ૧ | ક્રિકેટ ભાઈઓ | ટી. વાય. વનસ્પતિશાસ્ત્ર | એમ.એસસી. રસાયણશાસ્ત્ર |
| ૨ | ક્રિકેટ બહેનો | એસ. વાય. વનસ્પતિશાસ્ત્ર | ટી. વાય. રસાયણશાસ્ત્ર |
| ૩ | ખો-ખો ભાઈઓ | ટી. વાય. વનસ્પતિશાસ્ત્ર | ટી. વાય. રસાયણશાસ્ત્ર |
| ૪ | ખો-ખો બહેનો | એસ. વાય. વનસ્પતિશાસ્ત્ર | ટી. વાય. વનસ્પતિશાસ્ત્ર |
| ૫ | કબડ્ડી ભાઈઓ | ટી. વાય. રસાયણશાસ્ત્ર | ટી. વાય. વનસ્પતિશાસ્ત્ર |
| ૬ | વોલીબોલ ભાઈઓ | માસ્ટર સૂટર બોટની | એફ.વાય.બી.એસ.સી |

### બેડમિન્ટન સિંગલની સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓ:

| ક્રમ | ભાઈઓ | બેહેનો |
|---|---|---|
| ૧. | જયદીપ જી. વસાવા | ક્રિષ્મા એન. પંચાલ |
| ૨. | પ્રિયાંશુ સી. પટેલ | તૈયાબાબાનું એમ. શેખ |
| ૩. | પ્રશાંત જી. પરમાર | ધ્રુવી પી. ગામીત |

### ચેસ સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓ:

| ક્રમ | ભાઈઓ |
|---|---|
| ૧ | દિક્ષીત ડી. ચૌધરી |
| ૨ | મધુસુદન એમ. ચૌધરી |
| ૩ | શિવ આર. ચૌધરી |

| ક્રમ | બહેનો |
|---|---|
| ૧ | ઉર્વિ એચ. મકવાણા |
| ૨ | સ્વેતા એમ. ચૌધરી |
| ૩ | ઝાનવી કે. કોસમીયા |



**૧૦૦ મીટર દોડમાં પ્રથમ, દ્વિતિય, અને તૃત્તીય સ્થાન મેળવનાર ખેલાડીઓ :**

| ક્રમ | એફ.વાય.બી.એસસી. ભાઈઓ |
|---|---|
| ૧ | અકાશ એચ. પાડવી |
| ૨ | સાગર જે. વસાવા |
| ૩ | હેમલ આર. ચૌધરી |

| ક્રમ | એફ.વાય.બી.એસસી. બહેનો |
|---|---|
| ૧ | શિવાંગી આર. ચૌધરી |
| ૨ | પ્રિયા એફ. ચૌધરી |
| ૩ | નીધિ એસ. સોલંકી |

| ક્રમ | એસ.વાય.બી.એસસી. ભાઈઓ |
|---|---|
| ૧ | રોહન એસ. ચૌધરી |
| ૨ | વિશાલ કે. વસાવા |
| ૩ | અક્ષય એમ. વસાવા |

| ક્રમ | એસ.વાય.બી.એસસી. બહેનો |
|---|---|
| ૧ | જીયા ડી. ચૌધરી |
| ૨ | પાયલ એમ. વસાવા |
| ૩ | ઝીનલ જે. ચૌધરી |

| ક્રમ | ટી.વાય.બી.એસસી. ભાઈઓ |
|---|---|
| ૧ | સાજીદ એસ. દિવાન (રસાયણશાસ્ત્ર) |
| ૨ | દેવેન જે. ચૌધરી (વનસ્પતિશાસ્ત્ર) |
| ૩ | અમિત કે. વસાવા (ગણિતશાસ્ત્ર) |

| ક્રમ | ટી.વાય.બી.એસસી. બહેનો |
|---|---|
| ૧ | હેમાંશી એસ. ચૌધરી(માઈક્રોબાયોલોજી) |
| ૨ | કેરણ જે. ગામીત (રસાયણશાસ્ત્ર) |
| ૩ | ભૂમિકા આર. વસાવા (માઈક્રોબાયોલોજી) |













### ફાઈનલ

| ક્રમ | ભાઈઓ |
|---|---|
| ૧ | સાજીદ એસ. દિવાન (ટી.વાય. રસાયણશાસ્ત્ર) |
| ૨ | દેવેન જે. ચૌધરી (ટી.વાય. વનસ્પતિશાસ્ત્ર) |
| ૩ | અમિત કે. વસાવા (ટી.વાય. ગણિતશાસ્ત્ર) |

| ક્રમ | બહેનો |
|---|---|
| ૧ | શિવાંગી આર. ચૌધરી (એફ.વાય.) |
| ૨ | પ્રિયા એફ. ચૌધરી (એફ.વાય.) |
| ૩ | કેરન જે. ગામીત (ટી.વાય. રસાયણશાસ્ત્ર) |

### યોગાસનના વિજેતા ખેલાડીઓ:

| ક્રમ | ખેલાડીઓ |
|---|---|
| ૧ | યોગેશ જી. જાદવ (ટી.વાય. રસાયણશાસ્ત્ર) |
| ૨ | પ્રતીક જી. કુંવર (ટી.વાય. વનસ્પતિશાસ્ત્ર) |
| ૩ | નિલેશ જે. વસાવા (ટી.વાય. રસાયણશાસ્ત્ર) |





## ઈનોવેશન ક્લબ કીટનો ઉપયોગ

**કો-ઓર્ડીનેટર : ડૉ. મેઘના અધ્વર્યુ । ડૉ. હેમલ વણકર । પ્રો. હાર્દિક તડવી**

ઈનોવેશન ક્લબ અંતર્ગત ગવર્નમેન્ટ સાયન્સ કોલેજ, વાંકલ, ના વિદ્યાર્થીઓને તારીખ૭/૨/૨૦૨૩ના રોજ પોતાના ઈનોવેટિવ વિચારનો ઉપયોગ કરી શકે અને ઈનોવેશન ક્લબ ઉચ્ચ શિક્ષણ દ્વારા જે કીટ આપવામાં આવી છે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે બાબતથી અવગત કરવામાં આવ્યા, આજ રોજ ૨૯ જેટલા વિદ્યાર્થીનીએ કીટનો ઉપયોગ કરી કેટલીક નાની પરંતુ અત્યંત મહત્વની બાબતો જેવી કે દરવાજાના મજાગરા ઠીક કર્યા, નવા ખુલા પડી ગયેલા ઈલેક્ટ્રિક બોર્ડની મરમ્મત કરી. આજ રોજ વિધાર્થીઓએ પણ ઉત્સાહ થી કીટનો ઉપયોગ કર્યો. કૉલેજના અધ્યાપક ડૉ. હેમલ વણકર તથા હાર્દિક તડવી ની ઉપસ્થિતમાં અનેરો ઉત્સાહ રહ્યો હતો. તથા અન્ય સ્ટાફ ખાસ ઉપસ્થિત રહ્યા અને વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કર્યો અને તેમના ઈનોવેટિવ વિચારોને વેગ આપ્યો.









## Finishing School 2022-23

**Co-ordinators : Prof. Viraj A. Chaudahri & Dr. Pushpa Shah**

For the development of skills, employment and good personality among the students, Knowledge Consortium of Gujarat (KCG), Department of Education, Government of Gujarat has started Finishing School Programme since 2016-17.

Government Science College, Vankal conducted one batch for Finishing School Programme under the guidance of KCG in the year of 2022-23. Total 43 final year students participated in this programme. This Finishing School has total 4 set. Set A & C has covered Life & Employability Skills & Set B & D covered Functional English Skills. The participants of this batch were mentored by Mrs. Priyanshi Patel & Dr. Aditya Yagnik. Such type of training develops Positive Attitude, Team work, Self Discipline, Stress Management, Communication Skills, Leadership skill, Professional Goal Setting, Time Management, Interpersonal Skills which are really beneficial for students to develop personal and professional life.

Finishing School was carried out in the college under the guidance of Principal Dr. Parthiv K. Chaudhari & coordinated by Mrs. Viraj A. Chaudhari & Dr. Pushpa Shah.





## "Future Agri Entrepreneurs" Workshop 2022-23

**Co-ordinators : Prof. Viraj A. Chaudahri**

For making self-reliant society of our country through Agri-entrepreneurs, Value addition & Rural Technology, Department of Education, Government of Gujarat organized one day workshop on "Future Agri Entrepreneurs" under Panch Prakalp Yojana. Workshop was carried out on 23th August, 2022 at Senate Hall, Gujarat University, Ahmedabad. In this workshop the students of 110 Government Colleges & 14 Gram Vidyapiths of all over Gujarat participated. More than 20 experts and farmers shared their experience and opinion on organic farming, agro processing, and value added products and its market in India as well as abroad. Experts also delivered talks on areas of hydroponics farming, agriculture based incubation support system, medicinal plant production, Drone Technology in farming, Tissue culture, manufacturing of ecofriendly products from used flowers in temples and many more.

Three students of Government Science College, Vankal namely Atodariya Priyanshi (Dept. of Chemistry), Lad Mitali (Dept. of Botany) & Kosmiya Jahnvi (Dept. of Physics), all from third year participated in this workshop under the guidance of the coordinator Mrs. Viraj A. Chaudhari.





## ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત રાજ્ય કક્ષાનો યુવા મહોત્સવ : ૨૦૨૨

વીર નર્મદ દક્ષિણ ગુજરાત દ્વારા આયોજિત આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાજ્ય કક્ષાનો યુવા મહોત્સવતા. **15/09/2022** થી **18/09/2022** દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અત્રેની કોલેજના વિદ્યાર્થીઓએ વક્તૃત્વ સ્પર્ધા, કાવ્ય પઠન, રંગકાલ કૌશલ્ય ધારામાં ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ, કોલાજ, કલે મોડલિંગ, રંગોળી, ગીત સંગીતમાં સમૂહ ગીત, લોકગીત અને હળવું કંઠય ગીત, નૃત્ય ધારામાં લોકનૃત્યમાં ભાગ લીધો હતો. ઓન ધ સ્પોટ પેઈન્ટિંગમાં ચૌધરી ભાર્ગવ રાજેશભાઇ (ટી.વાય.બી.એસસી. માઇક્રોબાયોલોજી) એ તૃતીય નંબર પ્રાપ્ત કરી કોલેજનું નામ રોશન કર્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓ તથા ટીમ કોઓર્ડિનેટરશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા. પ્રો. મયુરેશ મિશ્રા (લોકગીત, કાવ્યપઠન, સમુહગીત તથા કલે મોડલિંગ), પ્રો. વિરાજ ચૌધરી (કોલાજ), ડૉ. નિશાંત જુનાર્કર (ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ, હળવું કંઠય), ડૉ. વાય.એલ. ચૌધરી (લોકનૃત્ય), પ્રો. મયુર મોરજા (રંગોળી) ના કોઓર્ડિનેટર તરીકે ફરજ નિભાવી હતી.













## કલાઈમેટ ચેન્જ વિભાગ, ગુજરાત રાજ્ય રાજ્ય આયોજિત
## Climate Change Youth Outreach Fortnight Programme
## અંતર્ગત આયોજિત વિવિધ સ્પર્ધાઓતા. ૨૬-૦૯-૨૦૨૨ થી તા. ૩૦-૦૯-૨૦૨૨

| સ્પર્ધાનું નામ | કોઓર્ડીનેટર શ્રી | કુલ સ્પર્ધકો | વિજેતા પ્રતિસ્પર્ધીઓના નામ |
|---|---|---|---|
| વકૃત્વ સ્પર્ધા | ડૉ. રાજેશ સેનમા (પ્રાણીશાસ્ત્ર)<br>ડૉ. પુષ્પા શાહ (પ્રાણીશાસ્ત્ર)<br>ડૉ. મયુરેશ મિશ્રા (અંગ્રેજી) | ૧૭ | પ્રથમ: ક્રિશ્ના જી. સોલંકી (ટી.વાય.બી.એસ.સી. પ્રાણીશાસ્ત્ર)<br>દ્વિતીય: યશ એન. ચૌધરી (એફ.વાય.બી.એસસી. રસાયાણશાસ્ત્ર)<br>તૃતિય: ફહીમા આઇ. જીભાઇ (એફ.વાય.બી.એસસી - માઇક્રોબાયોલોજી) |
| ગ્રુપ સ્પર્ધા | ડૉ. મેઘના અધ્વર્યુ (વનસ્પતિશાસ્ત્ર)<br>ડૉ. દિલિપ ભાયાણી (વનસ્પતિશાસ્ત્ર) | ૧૫ | પ્રથમ: બિનલ એસ. ચૌધરી (ટી.વાય.બી.એસસી. વનસ્પતિશાસ્ત્ર)<br>દ્વિતીય: દિવ્યાંગ એસ. ચૌધરી (ટી.વાય.બી.એસસી. વનસ્પતિશાસ્ત્ર)<br>તૃતિય: ઈશા એસ. ચૌધરી (ટી.વાય.બી.એસસી. વનસ્પતિશાસ્ત્ર) |
| સ્લોગન સ્પર્ધા | ડૉ. નિશાંત જુન્નરકર (માઇક્રોબાયોલોજી)<br>ડૉ. અનિલ સિંઘ (માઇક્રોબાયોલોજી)<br>પ્રો. વિરાજ ચૌધરી (માઇક્રોબાયોલોજી) | ૧૮ | પ્રથમ: અભિષેક જે.  પટેલ (એમ.એસસી. - રસાયણશાસ્ત્ર)<br>દ્વિતીય: તૈયબ્બા એમ. શેખ (ટી.વાય.બી.એસસી. માઇક્રોબાયોલોજી)<br>તૃતિય: ફૈઝા આઇ. જીભાઇ (એફ.વાય.બી.એસસી. - માઇક્રોબાયોલોજી) |
| કલાઈમેટ ચેન્જ સ્પર્ધા સામે લડવા માટેના નવીન વિચારો | ડૉ. હેમલ વણકર (ભૌતિકશાસ્ત્ર)<br>પ્રો. વનરાજ કાગડા (ગણિતશાસ્ત્ર) | ૧૪ | પ્રથમ: ફહીમા આઇ. જીભાઇ તથા ફૈઝા આઇ. જીભાઇ (એફ.વાય.બી.એસસી - માઇક્રોબાયોલોજી)<br>દ્વિતીય: જાનવી કે. કોસમિયા (ટી.વાય.બી.એસ.સી. ભૌતિકશાસ્ત્ર)<br>તૃતિય: દર્શન એમ. વસાવા (એસ.વાય.બી.એસ.સી. ગણિતશાસ્ત્ર) |
| નિબંધ લેખન સ્પર્ધા | ડૉ. ધર્મેશ મહાજન (રસાયણશાસ્ત્ર)<br>પ્રો. કુમાર ગામિત (રસાયણાશાસ્ત્ર)<br>ડૉ. મયુર મોરજા (રસાયણશાસ્ત્ર) | ૨૧ | પ્રથમ: અભિષેક જે. પટેલ (એમ.એમ.સી. રસાયણશાસ્ત્ર)<br>દ્વિતીય: મેઘા એ. વસાવા (ટીવાયબીએસસી– માઈક્રોબાયોલોજી)<br>તૃતિય: તૈયબ્બા એમ. શેખ (ટીવાયબીએસસી માઈક્રોબાયોલોજી) |














"જળવાયુ પરિવર્તન નો છે પડકાર, આદિવાસી જીવનશૈલી એ જ ઉપચાર". - ડૉ. નિશાંત જુન્નરકર

"જલ હી જીવન હૈ, વાયુ બિન પ્રાણ નહીં, જલવાયુ પરિવર્તન પર ફીર ભી હમારા ધ્યાન નહીં." - ડૉ. અનિલકુમાર સિંઘ

## પંચપ્રકલ્પ : ૨૦૨૨-૨૩

**કો-ઓર્ડીનેટર : ડૉ. રાજેશ સી. સેનમા**

પંચ પ્રકલ્પ આધારિત વિવિધ પ્રકલ્પો તથા તેના કોઓર્ડીનેટર અધ્યાપકશ્રીઓના નામ:
૧. કોરોના સંક્રમણ અટકાવવા અને રસીકરણ અંગે – ડૉ. અનિલ સિંઘ
૨. પર્યાવરણ, સ્વચ્છતા, જળ સંરક્ષણ તેમ જજળસંચય – પ્રા.વનરાજ કાગડા
૩. ગૌ-આધારિત પ્રાકૃતિક ખેતી – ડૉ. હેમલ વણકર
૪.નશાબંધી તેમજ કુરિવાજ નિવારણ(દહેજ પ્રથા તેમજ ભ્રૂણ હત્યા નિવારણ) – પ્રા. કુમાર ગામીત
૫. ફીટ ઈન્ડીયા – ડૉ. યોગેશ ચૌધરી

પ્રકલ્પો માટે પસંદ કરેલ ગામોની યાદી : ઈશનપુર, વાંકલ, લવેટ, ભડકુવા, વડ, કંટવાવ, મોટીફળી, ધોળીકુઈ, ઝીનોરા અને કંસાલી. તા. ૨૬/૦૪/૨૦૨૩ના રોજ કંટવાવ વખાતે તથા તા. ૩૦/૦૪/૨૦૨૩ના રોજ વાંકલ ખાતે ડૉ. રાજેશ સેનમા તથા ડૉ. હેમલ વણકણ દ્વારા ગૌ-આધારિત પ્રાકૃતિક ખેતી વિશે માહિતી આપવામાં આવી હતી. ડૉ. રાજેશ સેનમા દ્વારા પ્રાકૃતિક ખેતીના પંચામૃત: જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાફસા (ભેજ) તથા જૈવ વિવિધતા (સહજીવીપાક) વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત જીવામૃત તૈયાર કરવાની રીત જણાવી હતી. ડૉ. હેમલ વણકણ દ્વારા પ્રાકૃતિક ખેતી શા માટે તથા તેના ફાયદા વિષે જણાવવામાં આવ્યું હતું તથા નિમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર તથા બ્રહ્માસ્ત્ર વિશે જણાવ્યું હતું. તા. ૨૮/૦૪/૨૦૨૩ ના રોજ ડૉ. યોગેશ ચૌધરી તથા પ્રા. કુમાર ગામીત દ્વારા વાંકલ ખાતે ફીટ ઈન્ડીયા અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓ, ગામના યુવાનો તથા ગ્રામજનોને રમતોનું સ્વાસ્થ્ય અને જીવનમાં મહત્વ જાણાવ્યું હતું.







## ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિની ઉજવણી

**કો-ઓર્ડીનેટર : ડૉ. રાજેશ સી. સેનમા**

ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે જ્ઞાન દિવસ ઉજવવામાં આવ્યો હતો. ડૉ. રાજેશ સેનમા દ્વારા વિદ્યાર્થીઓને ડૉ. ભીમરાવ આંબેડકરના જીવન વિશે જણાવ્યું હતું તથા તેમનું સંવિધાન માટેનું યોગદાન જાણાવ્યું હતું. અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ દ્વારા ડૉ. ભીમરાવ આંબેડકરને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી.





## Glimpses of the Celebration of *Azadi ka Amrit Mahotsav 2022-23*

**Co-ordinators : Dr. Yogesh L. Chaudhari & Dr. Rajesh C. Senma**






















## વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારોહ : ૨૦૨૨-૨૩

**કો-ઓર્ડીનેટર : ડૉ. રાજેશ સી. સેનમા & ડૉ. મયુરેશ કુમાર મિશ્રા**

૨૫ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દેવપૂજા, દીપપ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યાર બાદ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે ડૉ. દિપક ચૌધરી, આચાર્યશ્રી, શ્રી અટલ બિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. મહેમાનોના હસ્તે વિવિધ વિભાગના ટોપર્સને ટ્રોફી અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કોલેજના ભૂતપુર્વ વિદ્યાર્થીઓ કે જેમણે સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે **GSET, CSIR NET** પાસ કરી હતી તેમને સન્માન પત્ર અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં કોલેજમાં વિવિધ પ્રકલ્પો અંતર્ગત થયેલ વિવિધ કૃતિઓમાં પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યુ હતું. ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓ દ્વારા ૨૭ અલગ- અલગ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા વ્યવસ્થા સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. રાજેશ સેનમા અને સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.



















# ● Department Level Activities : 2022-23 ●

## Department of Microbiology

### MBSI Student Unit હેઠળ MICRO FIESTA-2023ની ઉજવણી





13-14 ફેબ્રુઆરી 2023 ના રોજ Microbiologists Society of India Student Unit હેઠળ MICROFIESTA-2023 ની ઉજવણી કરવામાં આવી. જેમાં વિભાગ ના F.Y. B. Sc., S.Y. B. Sc. તથા T.Y. B. Sc.ના વિદ્યાર્થીઓએ Scientoon Exhibition, Petri-art Exhibition તથા Fermented Food Exhibition માં ભાગ લીધો હતો.

### ઉકા તરસાડીયા યુનિવર્સિટિની C. G. Bhakta Institute, Bardoli ખાતે GSBTM પુરસ્કૃત ક્રેશ વર્કશોપ

ઉકા તરસાડીયા યુનિવર્સિટિની C. G. Bhakta Institute, Bardoli ખાતે GSBTM પુરસ્કૃત ટી.વાય. બી.એસસી.ના વિદ્યાર્થીઓ માટેના ક્રેશ વર્કશોપમાં માઈક્રોબાયોલોજી વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપ C. G. Bhakta Institute, Bardoli ખાતે 20-31 ડિસેમ્બર, 2022 દરમ્યાન યોજાયો હતો .

### UGAM 2023 at Shrimad Rajchandra Vidyapeeth, Dharampur




- **Quiz Competition**
- **Sa Re Ga Ma Pa of Microbes (SOLO EVENTS)**
- **Reel making (GROUP EVENTS)**
  **Topic : Microbial Interactions**
- **Poster Competition**
  **Topic : Microbes in my Life**

UGAM 2023 ની ઈવેન્ટ તા. ૦૫ફેબ્રુઆરી 2023 ના રોજ ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્રવિદ્યાપીઠ ખાતે યોજવામાં આવી હતી જેમાં માઈક્રોબયોલોજી વિભાગ ના F.Y. B.Sc., S.Y. B.Sc. તથા T.Y. B. Sc. ના કૂલ 55 વિદ્યાર્થીઓ Quiz Competition, Sa Re Ga Ma Pa of Microbes, Reel Making, Poster Competition જેવી જુદી-જુદી સ્પર્ધાઓમાં પ્રતિભાગી થયા હતા.

# Department of Physics

## Sky Gazing Program : 2022-23

Department of Physics, Government Science College, Vankal organized a two days Sky Gazing Program-2023 as part of National Science Day celebration under the aegis of Saptadhara on 25th and 26th February of 2023. Shri Sanjay D. Pandya, Associate Professor of the Department of Physics, Navyug Science College, Surat was invited as an expert and chief guest in this event. Prof. Sanjay D. Pandya shared his knowledge and expertise with students. Dr. Parthiv Chaudhari, our Principal, encouraged the participants. Dr. H. P. Vankar, Head, Department of Physics informed and inspire students about the field of Astrophysics and to pursue careers in science, technology, engineering, and mathematics fields through this programs . All the Heads of different Departments and faculty members were present in the same. The students actively attended the event. A total 60 participants; including 49 students and 11 faculty members participated in the event. The program was a wonderful opportunity for students to explore the beauty and wonder of the night sky. As the feedback from the students revealed, they were thrilled to gaze at the planets and the stars through telescope, and the interactive sessions with resource person enriched their understanding of various astronomical concepts in a fun and engaging way.







# Department of Zoology

## વિશ્વ મધમાખી દિવસની ઉજવણીના ભાગરૂપે મધમાખી ઉછેર અંગે રાજ્યકક્ષાની કાર્યશાળા–તાલીમ

સરકારી વિજ્ઞાન કોલેજ વાંકલના પ્રાણીશાસ્ત્ર વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી સુરત તેમજ એસોસિયેશન ઓફ ઝુઓલોજીસ્ટના સંયુક્ત ઉપક્રમે "મધમાખી ઉછેર વિષય પર કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરતનાં સિનિયર સાયન્ટિસ્ટ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સુરત ના વડા ડૉ.જનકસિંહ રાઠોડ તેમજ એસોસિયેશન ઓફ ઝુઓલોજીસ્ટના ડૉ. અરૂણ ધોળકીયા, કોલેજ ઓફ એગ્રીકલ્ચર, વઘઈના આચાર્ય ડૉ.જયેશ પસ્તાગિયા, નવસારી કૃષિ યુનિવર્સિટીના ડૉ. અભિષેક મહેતા, અશોકભાઇ પટેલ, ભગુભાઇ પટેલ તથા મોડેલ સ્કૂલ ડેડીયાપાડાના આચાર્યા પ્રિયંકા ચૌધરી ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં મધમાખી પાલન અને ઉછેર અંગે વિસ્તૃતથી માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલના આચાર્ય ડૉ.પાર્થિવ ચૌધરી તથા પ્રાણીશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડૉ. રાજેશ સેનમા અને સમગ્ર ગુજરાતમાંથી વિદ્યાર્થીઓ અને ખેડૂતો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં. ડૉ. જનક એચ. રાઠોડ એ તાલીમાર્થીઓને કૃષિની સાથે સાથે આ પ્રકારના વ્યવસાય કરીને જીવનધોરણ ઊંચું લાવી શકાય તે વિષે માહિતગાર કર્યા હતા. ડૉ. જયેશ જે. પસ્તાગીયા સાહેબે મધમાખી ઉછેર વિષે તલસ્પર્શી જ્ઞાન આપ્યું હતું. ડૉ. અભિષેક મહેતા એ મધમાખી સ્તળાંતરણ પર માહિતી આપી હતી. સફળ મધમાખી પાલક તરીકે જાણતા એવા અશોકભાઇ પટેલ અને ભગુભાઈ પટેલે પોતાના અનુભવો રજૂ કર્યા હતા. અશોકભાઇ અને ભગુભાઈ પટેલે મધમાખી ઉછેર માટે જરૂરી સાધનોનું નિદર્શન કર્યું હતું. ત્યારબાદ જુદીજુદી જાતિઓની મધમાખીઓની પેટીઓનું પ્રત્યક્ષ નિદર્શન પણ કરાવ્યું હતું. કાર્યશાળાના અંતે સમાપન સમારોહમાં તાલીમાર્થીઓ દ્વારા આ પ્રકારની કાર્યશાળા જીવનમાં ખૂબ જ ઉપયોગી નિવડશે તથા સ્વ-વ્યવસાયની તકો ઊભી કરી શકાશે તેથી તેનું નિયમિત આયોજન થવું જોઈએ તેવા અભિપ્રાય આપ્યા હતા. મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રાજેશ સેનમા તથા ડૉ. પુષ્પા શાહ, શીતલ પટેલ, તમન્ના ચૌધરી, તબસ્સુમ કુરેશી તથા મિતલ વસાવા એ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન દિશા ભાટી અને હિતેશ્વરી મહિડા એ કર્યુ હતું.















## આર્થિક પ્રાણીશાસ્ત્ર વિષય પર એક દિવસીય સેમિનાર

પ્રાણીશાસ્ત્ર વિભાગ, સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ તથા કામધેનુ યુનિવર્સીટી, નવસારીના સંયુક્ત ઉપક્રમે આર્થિક પ્રાણીશાસ્ત્ર વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં તજજ્ઞ વક્તા તરીકે કામધેનુ યુનિવર્સીટી, નવસારી ના પ્રાધ્યાપક ડૉ. યોગેશ પઢેરીયા તથા ડૉ. જીગર પટેલ હાજર રહ્યા હતા. ડૉ.યોગેશ પઢેરીયા દ્વારા ભારતમાં તથા ગુજરાતમાં મરઘાંપાલનના વ્યવસાય વિશે માહિતી, મરઘાંની  વિવિધ નસલો, મરઘાંપાલન વ્યવસાયમાં માંસ અને ઈંડા માટે કઈ કઈ જાતોનો ઉછેર કરવામાં આવે છે તેની માહિતી, તેની જાળવણી માટે ધ્યાન રાખવા જેવી બાબતો, તેના ખોરાકના સાધનો, પાણીના સાધનો, રસીકરણ અને તેનું આર્થિક મહત્વ જેવા મુદ્દાઓ  વિશે ચર્ચા કરવામાં આવી હતી. ડૉ. જીગર પટેલ દ્વારા ડેરી ઉદ્યોગ, ગાય, ભેંસ, ઘેટાં, બકરાંની વિવિધ નસલો અને દુધ ઉત્પાદન અને ડેરી ઉદ્યોગનું આર્થિક મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને આર્થિક પ્રાણીશાસ્ત્ર વિષય પર રસ કેળવવા અનુરોધ કર્યો હતો તથા કામધેનુ યુનિવર્સીટી, નવસારીના ડીન અને પ્રિન્સિપાલ ડૉ. ખરાડી નો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રાણીશાસ્ત્ર વિભાગના વડા ડૉ. રાજેશ સેનમા દ્વારા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ વિષયનું સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે-સાથે વ્યવસાયિક સજ્જતા પણ કેળવે તેવા ઉમદા હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું તથા આર્થિક પ્રાણીશાસ્ત્ર વિષયમાં સમાવેશ થતા અન્ય વિષયો વિશે માહિતી આપવામાં આવી હતી. આર્થિક પ્રાણીશાસ્ત્ર વિષયમાં સમાવેશ થતા વિવિધ વિષયોને વ્યવસાય તરીકે સ્વીકારી અર્થોપાર્જન કરી પોતાનું જીવનનિર્વાહ ચલાવી શકાય અને એક સફળ વ્યક્તિ બની શકાય તેવી આશા વ્યક્ત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા ડૉ. પુષ્પા શાહ, શીતલ પટેલ, તમન્ના ચૌધરી, તબસ્સુમ કુરેશી તથા મિતલ વસાવા દ્વારા  કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ભુમિકા વસાવા તથા દિશા ભાટી દ્વારા કરવામાં આવ્યું હતું.


















## Participation in Training Programme on Beekeeping

**Organized by**
**College of Forestry**
**Navsari Agricultural University, Navsari**
**in association with**
**National Bee Board, New Delhi**
**on 20th - 26th January, 2023**



# આંતરરાષ્ટ્રીય વાઘ દિવસની ઉજવણી

આંતરરાષ્ટ્રીય વાઘ દિવસની ઉજવણી તા. ૨૯/૦૭/૨૦૨૨ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને વન્યજીવના સંરક્ષણ માટે આહવાન કરવામાં આવ્યું હતું અને તેનું મહત્વ જાણાવ્યું હતું.

પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રાજેશ સેનમા દ્વારા વિશ્વમાં વાઘ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે રશિયાના સેન્ટ પિટર્સબર્ગ નામના શહેરમાં યોજાયેલી ટાઈગર સમિટમાં દર વર્ષે ૨૯ મી જુલાઈના રોજ “આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ” ની ઊજવણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો એમ જણાવવામાં આવ્યું હતું. ૨૦૧૮ માં થયેલ વાઘની વસ્તી ગણતરી મુજબ હાલમાં વાઘની વસ્તી ૨૯૬૭ છે એમ જણાવવમાં આવ્યું હતું. ડૉ. સેનમા દ્વારા પ્રોજેક્ટ ટાઈગર વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

ઊજવણીના ભાગરૂપે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રતિસ્પર્ધીઓનું મૂલ્યાંકન ડૉ. રાજેશ સેનમા અને ડૉ. પુષ્પા શાહ દ્વારા કરવામાં આવ્યું હતુ, પ્રથમ ત્રણ ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થાપન શીતલ પટેલ, તમન્ના ચૌધરી, તબસ્સુમ કુરેશી અને મિતલ વસાવા દ્વારા કરવામાં આવી હતી.










અનુષ્કા એ. ચૌધરી



દિશા કે. ભાટી

## Participation in National Conference on "Climate, Community and Conservation"




**Organized by**

**Navrachana University, Vadodara and WCB Research Foundation**

**on 26th - 27th September 2022**

## વન્યજીવ સપ્તાહની ઉજવણી

સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલના પ્રાણીશાસ્ત્ર વિભાગ અને વાંકલ રેન્જ, સુરત વનવિભાગ દ્વારા વન્યજીવ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે વન્યજીવ અને તેનું નિવસનતંત્રની જાળવણીમાં મહત્વ, વન્યજીવ સંરક્ષણ ધારો ૧૯૭૨, વન્યજીવોનું સંરક્ષણ, ગુજરાતની જૈવવિવિધતા, વન્યજીવોના સંવર્ધનમાં લોકભાગીદારી જેવા વિષયો પર વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ ઉપરાંત પ્રાણીઓના ફોટોગ્રાફ્સ, તેમના શરીરના વિવિધ ભાગો અને અવાજ દ્વારા વન્યપ્રાણીઓની ઓળખ માટે સ્પર્ધા યોજવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા વન્યપ્રાણીઓના જતન માટે આહવાન કરવામાં આવ્યું હતું. પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રાજેશ સેનમા દ્વારા ગુજરાતના વન્યજીવો વિશે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. વાંકલ રેન્જ ફોરેસ્ટ ઓફિસર હિરેન પટેલ, ફિપિલ ગામિત, હિતેશ માળી દ્વારા વનવિભાગની વિવિધ પ્રવૃતિઓ વિશે જાણકારી આપવામાં આવી હતી તથા વિદ્યાર્થીઓને વન્યજીવોના સંરક્ષણ માટે તેમની નૈતિક ફરજ સમજાવવામાં આવી હતી. સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને વાંકલ રેન્જ ફોરેસ્ટ ઓફિસર હિરેન પટેલ અને અન્ય મહેમાનોના હસ્તે ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે હાજર રહેલ તમામ દ્વારા વન્યપ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે સંકલ્પ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને વ્યવસ્થા પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રાજેશ સેનમા અને અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું હતું.

**ક્વિઝ સ્પર્ધા વિજેતા પ્રતિસ્પર્ધીઓની યાદી:**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વર્ગ |
|---|---|---|
| પ્રથમ | વિરલ એ. ગામિત | એમ.એસ.સી. |
| દ્વિતીય | તેજસ્વીની એચ. સુર્કાર | એમ.એસ.સી. |
| તૃતીય | દિશા કે. ભાટી | ટી.વાય.બી.એસ. સી. |

**વકૃત્વ સ્પર્ધા વિજેતા પ્રતિસ્પર્ધીઓની યાદી:**

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | વર્ગ |
|---|---|---|
| પ્રથમ | ક્રિષ્ના જી. સોલંકી | ટી.વાય.બી.એસ. સી. |
| દ્વિતીય | દિશા કે. ભાટી | ટી.વાય.બી.એસ. સી. |
| તૃતીય | ચંપા વસાવા | એમ.એસ.સી. |








## પ્રાણીજન્ય રોગ (Zoonosis) વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન




પ્રાણીશાસ્ત્ર વિભાગ, સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ દ્વારા પ્રાણીજન્ય રોગ વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં તજજ્ઞ વક્તા તરીકે સરકારી પશુ ચિકિત્સક તરીકે ડૉ.શૈલેન્દ્ર ગુપ્તા હાજર રહ્યા હતા. ડૉ. શૈલેન્દ્ર ગુપ્તા દ્વારા વિવિઘ પ્રાણીજન્ય રોગો વિશે માહિતી આપવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ.પાર્થિવ ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને પ્રાણીજન્ય રોગો વિષય પર સાવચેતી કેળવવા અનુરોધ કર્યો હતો તથા સરકારી પશુ ચિકિત્સક ડૉ.શૈલેન્દ્ર ગુપ્તાનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રાણીશાસ્ત્ર વિભાગના વડા ડૉ.રાજેશ સેનમા દ્વારા વિદ્યાર્થીઓને વિષય વસ્તુ પ્રાણીજન્ય રોગો વિશે માહિતી ગારકેળવા તેવા ઉમદા હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા ડૉ.પુષ્પા શાહ, શીતલ પટેલ, તમન્ના ચૌધરી, તબસ્સુમ કુરેશી તથા મિતલ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ભુમિકા વસાવા તથા દિશા ભાટી દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિશ્વ વન્યજીવ દિવસની ઉજવણી

સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ વન્યજીવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે વન્યજીવ સંરક્ષણમાં લોક ભાગીદારી વિષય પર ચિત્ર સ્પર્ધા અને વકૃતવ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને વન્યજીવોના સંરક્ષણ માટે આહવાન કરવામાં આવ્યું હતું. પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રાજેશ સેનમા દ્વારા વન્યજીવ દિવસ વિશ્વમાં લુપ્ત થવાના આરે ઉભેલા વન્યજીવો, વનસ્પતિઓ સંરક્ષણ, સંવર્ધન અને જાળવણીની જાગૃતિ કેળવવા ઉજવવામાં આવે છે એમ જણાવ્યું. ઉજવણીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો તથા વન્યજીવોના સંરક્ષણ માટે સંકલ્પ લીધો હતો. કાર્યક્રમનું આયોજન ડૉ. રાજેશ સેનમા, ડૉ. પુષ્પા શાહ, શીતલ પટેલ, તમન્ના ચૌધરી, તબસુમ કુરેશી તથા મિતલ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ભુમિકા વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

### ચિત્ર સ્પર્ધા વિજેતા પ્રતિસ્પર્ધીઓની યાદી:

પ્રથમ : વિણા રાઠવા   દ્વિતિય : અભિષેક એ. ચૌધરી   તૃતીય : અંજના એસ. વસાવા

### વકૃત્વ સ્પર્ધા વિજેતા પ્રતિસ્પર્ધીઓની યાદી:

પ્રથમ : અનામિકા વસાવા   દ્વિતિય : વિરલ ગામીત   તૃતીય : અંજના એસ. વસાવા








## વિશ્વ સ્લોથ રીંછ દિવસની ઉજવણી

સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા IUCN અને વાઈલ્ડ લાઈફ એસ.ઓ.એસ. દ્વારા ઘોષિત વર્ષ 2022 માં પ્રથમ વાર ઉજવાતા વિશ્વ સ્લોથ રીંછ દિવસની ઉજવણી 12 મી ઓક્ટોબરના દિવસે કરવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વાર પ્રથમવાર ઉજવાતા રીંછ દિવસ નિમિત્તે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમમાં પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ રાજેશ સેનમા દ્વાર સ્લોથ રીંછની વસ્તીનું વિતરણ, નિવાસસ્થાન, ખોરાક, પ્રજનન વર્તણુક તથા માનવ અને રીંછ વચ્ચે થતા ઘર્ષણ વિશે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત ગુજરાતમાં આવેલ રીંછ અભયરણ્યો વિશે માહિતી આપવામાં આવી હતી. વિધાર્થીઓએ સ્લોથ રીંછની જાળવણી માટે કટિબદ્ધતા દર્શાવી હતી.



## વર્લ્ડ વેટલેન્ડ ડે ની ઉજવણી



પ્રાણીશાસ્ત્ર વિભાગ, સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ દ્વારા વિશ્વ જલપ્લાવિત દિવસની ઉજવણી બીજી ફેબ્રુઆરીના રોજ વિશ્વ જલપ્લાવિત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે ભરણ તળાવની મુલાકાત લેવામાં આવી હતી. જ્યાં વિદ્યાર્થીઓને પક્ષી દર્શન કરાવવામાં આવ્યું હતું. ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને જલપ્લાવિત દિવસનું મહત્વ જણાવ્યું હતું તથા તેમની જાળવણી માટે આહવાન કર્યું હતું. ડૉ. રાજેશ સેનમા દ્વારા નિવસનતંત્રની જાળવણીમાં તથા પ્રદૂષકોને ઘટાડવા માટે જલપ્લાવિત વિસ્તારોનું મહત્વ જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન શીતલ પટેલ તથા તબસ્સુમ કુરેશી દ્વારા કરવામાં આવ્યું હતું.

## વિશ્વ ક્ષય દિવસની ઉજવણી



સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ ક્ષય દિવસના રોજ ક્ષય રોગ વિશે જાગૃતતા ફેલાવવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જાગૃતિના ભાગરૂપે અનુસ્નાતક પ્રાણીશાસ્ત્રના વિદ્યાર્થીઓએ ક્ષય વિષય અનુરૂપ સ્લોગન અને ચિત્રો દ્વારા વિદ્યાર્થીઓ વચ્ચે જાગૃતતા ફેલાવી હતી. કાર્યક્રમમાં કુલ ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા ક્ષય વિષય પર આહવાન કરવામાં આવ્યું હતું. પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રાજેશ સેનમા દ્વારા વિશ્વ ક્ષય દિવસે જાગૃતિ ફેલાવા માટે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન ડૉ. રાજેશ સેનમા, ડૉ. પુષ્પા શાહ, શીતલ પટેલ, તમન્ના ચૌધરી, તબસુમ કુરેશી તથા મિતલ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રકૃતિ સંરક્ષણ દિવસની ઉજવણી





સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ ખાતે પ્રકૃતિ સંરક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા પ્રકૃતિનું જતન કરવા માટે આહવાન કરવામાં આવ્યું હતું. ડૉ. રાજેશ સી. સેનમા દ્વારા પ્રકૃતિનું મહત્વ જણાવવામાં આવ્યું હતું. વન્યજીવો અને તેના સંરક્ષણ માટે આહવાન કરવામાં આવ્યું હતું. ઉજવણીના ભાગરૂપે ક્વિઝ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા પ્રતિસ્પર્ધીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા પ્રકૃતિના જતન માટે પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

**ક્વિઝ સ્પર્ધા વિજેતા પ્રતિસ્પર્ધીઓની યાદી:**

પ્રથમ : સાગર સી. વસાવા – એસ.વાય.બી.એસસી. (ઝૂલોજી),
પ્રવિણ વી. વસાવા – એસ.વાય.બી.એસસી. (બોટની)

**નિબંધ સ્પર્ધા વિજેતા પ્રતિસ્પર્ધીઓની યાદી:**

પ્રથમ : ક્રિષ્ના જી. સોલંકી – ટી.વાય.બી.એસ.સી. (ઝૂલોજી)
દ્વિતિય : દિશા કે. ભાટી – ટી.વાય.બી.એસ.સી. (ઝૂલોજી)
તૃતીય : મહિમા એસ. કડુ – ટી.વાય.બી.એસ.સી. (ઝૂલોજી)

## વિશ્વ ચકલી દિવસની ઉજવણી

સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ ના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા જીવદયા માટેની આ પ્રકારની પ્રવૃત્તિ માટે વધુમાં વધુ વિદ્યાર્થીઓને જોડાવા માટે આહવાન કર્યું હતું. પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રાજેશ સેનમા દ્વારા જણાવ્યું હતું કે તેઓ દ્વારા ચકલી બચાવો અભિયાન છેલ્લા સાત વર્ષથી કરવામાં આવી રહ્યું છે. દર વર્ષે પાંચસો ચકલીના માળાઓ વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા લોકોમાં તેનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે તેમ જણાવવમાં આવ્યું હતું.

આ વર્ષે માટીના, લાકડાના તથા પૂંઠાના બનાવેલા માળાઓ ઉપરાંત ચકલી માટે ફીડર તથા વોટર ફીડરનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. ડૉ. રાજેશ સેનમા દ્વારા ચકલીની સંખ્યા ઘટી રહેવાના કારણો જણાવ્યા હતા તથા તેની સંખ્યા વધારવા માટે કેવા પ્રકારના પ્રયત્નો કરવા જોઈએ તે પણ જણાવ્યું હતું. આ તબક્કે ચકલી બચાવો અભિયાનમાં જોડાવવા માટે વિદ્યાર્થીઓએ કટિબદ્ધતા દર્શાવી હતી અને અભિયાનમાં જોડાઈ જન-જન સુધી તેનો ફેલાવો કરવા તૈયારી દર્શાવી હતી. ડૉ. રાજેશ સેનમા દ્વારા વિદ્યાર્થીઓને આ અભિયાનમાં જોડાવવા માટે અનુરોધ કરાયો.

કાર્યક્રમનું આયોજન ડૉ. પુષ્પા શાહ, શીતલ પટેલ, તમન્ના ચૌધરી, તબસ્સુમ કુરેશી અને મિતલ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.



## કેન્સર વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન

સરકારી વિજ્ઞાન કોલેજ વાંકલના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા કેન્સર વિષય પર તજજ્ઞ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. તજજ્ઞ વક્તા તરીકે ડૉ. અપર્ણા સિંઘ દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. ડૉ. અપર્ણા સિંઘ દ્વારા કેન્સર, કેન્સરના પ્રકારો, કેન્સર થવાના કારણો, તેનું નિદાન અને નિયંત્રણ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. લાઈફ સાયન્સના વિદ્યાર્થીઓ દ્વારા તેના વિશે માહિતી મેળવવામાં આવી હતી.



# શૈક્ષણિક પ્રવાસ : ઘુડખર અભયારણ્ય, ખીજડીયા પક્ષી અભયારણ્ય તથા દરિયાઈ રાષ્ટ્રીય ઉધાન – નરારા ટાપુ : ૨૦૨૨–૨૩

પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસના આયોજનના ભાગરૂપે બે દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિર, જેસડા કેમ્પ સાઈટ, જેસડા રેન્જ, ઘુડખર વન્યજીવ અભયારણ્ય ખાતે પ્રકૃતિ શિક્ષણ શિબિરનું કરવામાં આવ્યું હતું. પ્રાણીશાસ્ત્ર વિભાગ, સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ, જિ. સુરતની પસંદગી ઉતારવા બદલ તથા મૂલ્યવાન સમય ફળવા માટે પ્રાણીશાસ્ત્ર વિભાગના વડા ડૉ. રાજેશ સેનમા દ્વારા ડૉ. ધવલ ગઢવી - ડી.એફ.ઓ. ઘુડખર વન્યજીવ અભયારણ્ય, ધાંગધ્રા, શ્રીમતી સપના ધવલ ગઢવી, શ્રી ચેતન ગૌસ્વામી - આર.એફ.ઓ., ડૉ. રાહુલ ભગવત જી, શ્રી હેમંત દવે, શ્રી મકવાણા જી તથા વનવિભાગના કર્મીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં વિદ્યાર્થીઓએ ઘુડખર, ઝરખ, નીલગાય જેવા પ્રાણીઓનું પ્રત્યક્ષ તથા પરોક્ષ અવલોકન કર્યું હતું. નૌકાવિહાર પણ કરવામાં આવ્યું હતું. રાત્રે કેમ્પ ફાયર કરવામાં આવ્યું હતું, જેમાં વન્યજીવોના સંરક્ષણ માટે અને જતન માટે ચર્ચા કરવામાં આવી હતી. ખીજડીયા પક્ષી અભયારણ્ય ખાતે વિવિધ યાયાવર પક્ષીઓ જેવા કે ફ્લેમિંગો, કોમન ક્રેન, પેલીકન, બ્લેક વિંગ સ્ટીલ્ટ, કોમન પોચાર્ડ, ગ્રેટ ક્રેસ્ટેડ ગ્રીબ, ગ્લોસી આઈબીસ, ગ્રે હેરોન, પર્પલ હેરોન, પેઈન્ટેડ સ્ટોર્ક, યુરેસિયન સ્પૂનબિલ, ગ્રેટ થીંક- ની તથા પાઈડ એવોસેટ જેવા પક્ષીઓની વિવિધ જાતો જોવા મળી હતી. ડૉ. રાજેશ સેનમા દ્વારા વિદ્યાર્થીઓને પક્ષીદર્શન કરાવવામાં આવ્યું હતું. દરિયાઈ રાષ્ટ્રીય ઉધાન, નરારા ટાપુ ખાતે ઓક્ટોપસ, કરચલાની વિવિધ જાતિઓ, કોરલની વિવિધ જાતિઓ, સ્ટારફીશ, સી કકુમ્બર તથા બ્રિટલ સ્ટાર જેવા પ્રાણીઓ જોવા મળ્યા હતા. ડૉ. રાજેશ સેનમા દ્વારા દરિયાઈ નિવસનતંત્ર વિશે માહિતી આપી હતી. પ્રવાસમાં પ્રાણીશાસ્ત્ર વિભાગના ટી.વાય.બી.એસ.સી. તથા એમ.એસ.સી. ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. સમગ્ર શૈક્ષણિક પ્રવાસનું આયોજન અને વ્યવસ્થા પ્રાણીશાસ્ત્ર વિભાગના વડા ડૉ. રાજેશ સેનમા, શીતલ પટેલ, તમન્ના ચૌધરી, તબસ્સુમ કુરેશી તથા મિતલ વાસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.










# GSC Vankal in NEWS : Academic Year: 2022-23

બારડોલી-વ્યારા ભાસ્કર 07-09-2022

## માંગરોળ કોલેજમાં શિક્ષક દિવસની ઉજવણી



વાંકલ | 5મી સપ્ટેમ્બરને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. માંગરોળ તાલુકાના વાંકલ ખાતે કાર્યરત સરકારી વિજ્ઞાન કોલેજમાં શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે કોલેજના પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, માઇક્રોબાયોલોજી, રસાયણશાસ્ત્ર સહિતના અનેક વિભાગોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ પ્રોફેસર તરીકે ફરજ નિભાવી હતી. એક દિવસ માટે બનેલા પ્રોફેસરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. તો બીજી તરફ વિધાર્થીઓએ વર્ગખંડમાં પણ નવા પ્રોફેસરોને સારો પ્રતિસાદ આપ્યો હતો. કોલેજના આચાર્ય ડો.પાર્થિવ ચૌધરી દ્વારા પ્રોફેસર બનેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

બારડોલી-વ્યારા ભાસ્કર 09-10-2022

## વાંકલ કોલેજમાં વન્યજીવ સંરક્ષણ સપ્તાહની ઉજવણી

ભાસ્કર ન્યૂઝ | વાંકલ

સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલના પ્રાણીશાસ્ત્ર વિભાગ અને વાંકલ રેન્જ, સુરત વનવિભાગ દ્વારા વન્યજીવ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

ઉજવણીના ભાગરૂપે વન્યજીવ અને તેનું નિવસનતંત્રની જાળવણીમાં મહત્વ, વન્યજીવ સંરક્ષણ ધારો 1972, વન્યજીવોનું સંરક્ષણ, ગુજરાતની જૈવવિવિધતા, વન્યજીવોના સંવર્ધનમાં લોકભાગીદારી જેવા વિષયો પર વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. આ ઉપરાંત પ્રાણીઓના ફોટોગ્રાફ્સ, તેમના શરીરના વિવિધ ભાગો અને અવાજ દ્વારા વન્યપ્રાણીઓની ઓળખ માટે સ્પર્ધા યોજવામાં આવી હતી.

કોલેજના આચાર્ય ડો. પાર્થિવ ચૌધરી દ્વારા વન્યપ્રાણીઓના જતન માટે આહવાન કરવામાં આવ્યું હતું.પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. રાજેશ સેનમા દ્વારા ગુજરાતના વન્યજીવો વિશે વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું.

વાંકલ રેન્જ ફોરેસ્ટ ઓફિસર હિરેન પટેલ, ફિપિલ ગામિત, હિતેશ માળી દ્વારા વનવિભગની વિવિધ પ્રવૃતિઓ વિશે જાણકારી આપવામાં આવી હતી તથા વિદ્યાર્થીઓને વન્યજીવોના સંરક્ષણ માટે તેમની નૈતિક ફરજ સમજાવવામાં આવી હતી. વિજેતા વિદ્યાર્થીઓને વાંકલ રેન્જ ફોરેસ્ટ ઓફિસર હિરેન પટેલ અને અન્ય મહેમાનોના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા.અંતે હાજર રહેલ તમામ દ્વારા વન્યપ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે સંકલ્પ કરવામાં આવ્યો હતો.

## વાંકલ સાયન્સ કોલેજના છાત્રો નેશનલ ટેલેન્ટ સ્ટુડન્ટ મીટ વિજેતા




વાંકલ | માંગરોળ તાલુકાના વાંકલ ખાતે આવેલ સરકારી વિજ્ઞાન કોલેજમાં માઈક્રો બાયોલોજી વિભાગના પાંચ વિદ્યાર્થીઓએ રાજકોટ મુકામે યોજાયેલ પ્રથમ નેશનલ ટેલેન્ટ સ્ટુડન્ટ મીટ માં ભાગ વિજેતા બન્યા હતા આ કાર્યક્રમમાં ડો. અનિલકુમાર સિંઘના માર્ગદર્શન હેઠળ ચૌધરી જયદીપ, ચૌધરી ભાર્ગવ, વસાવા મેઘા, પટેલ સુરભી અને ચૌધરી શ્રેયા એ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ચૌધરી ભાર્ગવ કુમારે ચિત્રકામ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો અને ચૌધરી જયદીપે વૈજ્ઞાનિક-ફોટોગ્રાફી માં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરી સરકારી વિજ્ઞાન કોલેજ નું ગૌરવ વધાર્યું છે. કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા તમામ વિદ્યાર્થીઓને તથા પ્રાધ્યાપક ડૉ. અનિલ સિંધને અભિનંદન પાઠવ્યા હતા.

સોશ્યલ મીડિયા આવૃત્તિ RNI No. GUJGUJ/2017/72213

ગુજરાત મંચ દૈનિક અખબાર

Date-7/1/23



અહેવાલ : ઇમરાનખાન પઠાણ (મોટામિયા માંગરોલ )

## સ્કોપ કેમ્બ્રિજ ઇંગ્લિશ પ્લેસમેન્ટ ટેસ્ટ પરીક્ષા 2023 નું આયોજન..

મોટામિયા માંગરોલ : સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ દ્વારા આયોજિત ગુજરાત સરકારની પહેલના ભાગ રૂપે, કેસીજી (નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત, અમદાવાદ) ના નેજા હેઠળ સ્કોપ (અંગ્રેજીમાં નિપુણતા દ્વારા તકોનું સર્જન કરતી સંસ્થા) અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય અંગ્રેજી ભાષાની પ્રાવીણ્ય પરીક્ષાઓનું આયોજન તા. 04/02/2023 થી 07/02/2023 દરમિયાન કરવામાં આવ્યું હતું. સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ એક DELL (Digital Education and Learning Lab) લેબ સેન્ટર હોવાથી સીઈપીટી (કેમ્બ્રિજ ઇંગ્લિશ પ્લેસમેન્ટ ટેસ્ટ) નું આયોજન કરવામાં આવ્યું હતું. સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલના 297 વિદ્યાર્થીઓ અને શ્રી અટલ બિહારી વાજપેયી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, વાંકલના 116 વિદ્યાર્થીઓ મળીને કુલ 413 વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. સીઈપીટી ટેસ્ટ સીઈએફઆર (કોમન યુરોપિયન ફ્રેમવર્ક ઓફ રેફરન્સ) અનુસાર 6 સ્તરો- A1, A2, B1, B2, C1 અને C2 પ્રદાન કરે છે અને કેમ્બ્રિજ ઇંગ્લિશ ખ્યાતનામ સંસ્થા, યુકે દ્વારા ડિઝાઇન કરવામાં આવી છે તથા સીબીટી (કોમ્પ્યુટર બેસ્ડ ટેસ્ટ) ઓનલાઈન પદ્ધતિથી લેવામાં આવે છે. વિદ્યાર્થીઓના પ્રતિસાદ દર્શાવે છે કે આ પરીક્ષણ માત્ર વિદ્યાર્થીઓના પ્રાવીણ્ય સ્તરનું મૂલ્યાંકન કરતું નથી પરંતુ તેમને અંગ્રેજી સંચાર કૌશલ્યમાં નિપુણતા પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરે છે. કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા પરીક્ષા માટે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સ્કોપ પરીક્ષાનું સંચાલન વિજ્ઞાન કોલેજની સ્કોપ પરીક્ષા કમિટિ કો-ઓર્ડીનેટર મયુરેશ કુમાર મિશ્રા, વિભાગીય વડા, અંગ્રેજી વિભાગ, સરકારી વિજ્ઞાન કોલેજ, લેબ ટેક્નિશિયન સુનીલ ચૌધરી તથા સ્કોપ સંસ્થાના પરીક્ષક દિવ્ય પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

બારડોલી-વ્યારા ભાસ્કર 09-01-2023

## વાંકલમાં ચીજોની ગુણવત્તાના વિવિધ માપદંડો અંગે જન જાગૃતિ કાર્યક્રમ




વાંકલ | માંગરોળ તાલુકાના વાંકલ ગામે કાર્યરત સરકારી વિજ્ઞાન કોલેજ ના સ્ટાન્ડર્ડ ક્લબ અને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ સુરત ના સંયુક્ત ઉપક્રમે ચીજ વસ્તુઓની ગુણવત્તાના વિવિધ માપદંડો અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો જે અંતર્ગત સરકારી વિજ્ઞાન કોલેજ માં સ્ટાન્ડર્ડ ક્લબની સ્થાપના કરાયા બાદ 80 જેટલા વિદ્યાર્થીઓ દ્વારા ગ્રાહકની જાગૃતિ માટે ડોર ટુ ડોર અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી

આ પ્રવૃતિ કોલેજના આચાર્ય ડો. પાર્થિવ ચૌધરી, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) સુરત શાખાના ડાયરેક્ટર અને હેડ સંજયકુમાર સિંઘ અને સ્ટાન્ડર્ડ પ્રમોશન ઓફિસર નીતિન ડોડીયા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓને (માનક મિત્રો) BIS ની સમગ્ર કાર્યપદ્ધતિની વિગતવાર માહિતી આપવામાં હતી. ત્યારબાદ આ પ્રવૃતિમાં માનક મિત્રો દ્વારા લોકો સાથે વાર્તાલાપ કરી તેમને વિવિધ ગુણવત્તાના ધોરણો વિશે માહિતગાર કરાયા તેમજ માનકનું મહત્વ સમજાવી જાગૃતતા ફેલાવી હતી સમગ્ર કાર્યક્રમનું આયોજન ડો. અનિલ સિંઘ તથા વિરાજ ચૌધરી દ્વારા કરાયું હતું.

## વાંકલ કોલેજના છાત્રોએ ઘુડખર અભયારણ્ય, ખીજડિયા પક્ષી અભયારણ્યની મુલાકાત લીધી



પ્રભાકર પ્રતિનિધિ, વાંકલ, તા. 30

સરકારી વિજ્ઞાન કોલેજ વાંકલના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા શૈક્ષણિક પ્રવાસના આયોજનના ભાગરૂપે બે દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિર, જેસડા કેમ્પ સાઈટ, જેસડા રેન્જ, ઘુડખર વન્યજીવ અભયારણ્ય ખાતે પ્રકૃતિ શિક્ષણ શિબિરનું કરવામાં આવ્યું હતું. પ્રાણીશાસ્ત્ર વિભાગ, સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ, જિ. સુરતની પસંદગી ઉતારવા બદલ તથા મૂલ્યવાન સમય ફાળવવા માટે પ્રાણીશાસ્ત્ર વિભાગના વડા પ્રો. રાજેશ સેનમા દ્વારા પ્રો. ધવલ ગઢવી - ડી.એફ.ઓ. ઘુડખર વન્યજીવ અભયારણ્ય, ધાંગધ્રા,સપના ધવલ ગઢવી,ચેતન ગૌસ્વામી - આર.એફ.ઓ., પ્રો. રાહુલ ભગવત જી, હેમંત દવે, મકવાણા જી તથા વનવિભાગના કર્મીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં વિદ્યાર્થીઓએ ઘુડખર, ઝરખ, નીલગાય જેવા પ્રાણીઓનું પ્રત્યક્ષ તથા પરોક્ષ અવલોકન કર્યું હતું.

નૌકાવિહાર પણ કરવામાં આવ્યું હતું. રાત્રે કેમ્પ ફાયર કરવામાં આવ્યું હતું, જેમાં વન્યજીવોના સંરક્ષણ માટે અને જતન માટે ચર્ચા કરવામાં આવી હતી.

ખીજડિયા પક્ષી અભયારણ્ય ખાતે વિવિધ યાયાવર પક્ષીઓ જેવા કે ફ્લેમિંગો, કોમન ક્રેન, પેલીકન, બ્લેક વિંગ સ્ટીલ્ટ, કોમન પોચાર્ડ, ગ્રેટ ક્રેસ્ટેડ ગ્રીબ, ગ્લોસી આઇબીસ, ગ્રે હેરોન, પર્પલ હેરોન, પેઇન્ટેડ સ્ટોર્ક, યુરેસિયન સ્પૂનબિલ, ગ્રેટ થીક- ની તથા પાઇડ એવોસેટ જેવા પક્ષીઓની વિવિધ જાતો જોવા મળી હતી.ડો. રાજેશ સેનમા દ્વારા વિદ્યાર્થીઓને પક્ષીદર્શન કરાવવામાં આવ્યું હતું.

દરિયાઇ રાષ્ટ્રીય ઉદ્યાન, નરારા ટાપુ ખાતે ઓક્ટોપસ, કરચલાની વિવિધ જાતિઓ, કોરલની વિવિધ જાતિઓ, સ્ટારફીશ, સી કકુમ્બર તથા બ્રિટલ સ્ટાર જેવા પ્રાણીઓ જોવા મળ્યા હતા. પ્રો. રાજેશ સેનમા દ્વારા દરિયાઇ નિવસનતંત્ર વિશે માહિતી આપી હતી.

પ્રવાસમાં પ્રાણીશાસ્ત્ર વિભાગના ટી.વાય.બી.એસ.સી. તથા એમ.એસ.સી. ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

સમગ્ર શૈક્ષણિક પ્રવાસનું આયોજન અને વ્યવસ્થા પ્રાણીશાસ્ત્ર વિભાગના વડા પ્રો. રાજેશ સેનમા, શીતલ પટેલ, તમન્ના ચોધરી, તબસ્સુમ કુરેશી તથા મિતલ વાસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.

સોશ્યલ મીડિયા આવૃત્તિ RNI No. GUJGUJ/2017/72213

ગુજરાત મંચ દૈનિક અખબાર

Date-22/3/23



## માંગરોલ તાલુકાની સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ ગણિતશાસ્ત્ર વિભાગનું ગૌરવ..

અહેવાલ : ઇમરાનખાન પઠાણ (મોટામિયા માંગરોલ )

**IIT (JAM) 388 ક્રમ સાથે પરીક્ષા પાસ કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા પ્રજાપતિ અંકિતને ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન સહ શુભેચ્છાઓ આપી**

મોટામિયા માંગરોલ : સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ ખાતે ટી.વાય.બી.એસ.સી. ગણિતશાસ્ત્ર વિષયમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી પ્રજાપતિ અંકિતકુમાર વસંતભાઈ એ IITs (ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી) જેવી રાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા માટે લેવાતી IIT (JAM) 388 ક્રમ સાથે પરીક્ષા પાસ કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા પ્રજાપતિ અંકિતને ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન સહ શુભેચ્છાઓ આપી હતી. આ સાથે ગણિતશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રાધ્યાપક વનરાજ કાગડા અને સિધ્ધિ કોઠારી ને પણ અભિનંદન પાઠવી તેઓની સખત મહેનતને બિરદાવી હતી.આ પ્રસંગે સમગ્ર કોલેજ પરિવારમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી અને કોલેજના અધ્યાપકોએ પણ અંકિતને અભિનંદન પાઠવ્યા હતા અને ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી.

સોશ્યલ મીડિયા આવૃત્તિ RNI No. GUJGUJ/2017/72213

ગુજરાત મંચ દૈનિક અખબાર

Date-12/1/23



અહેવાલ : ઇમરાનખાન પઠાણ (મોટામિયા માંગરોલ )

## સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરાઈ..

મોટામિયા માંગરોલ : સરકારી વિજ્ઞાન કોલેજ વાંકલ મા 12 જાન્યુઆરી રાષ્ટ્રીય યુવા દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ"ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો" આજે યુવા દિવસ છે, વિશ્વભરના યુવાનોના યોગદાનને ઓળખવા અને તેની ઉજવણી કરવાનો દિવસ. આ દિવસ ભારતમાં ખાસ કરીને મહત્વપૂર્ણ છે, કારણ કે તે રામકૃષ્ણ મિશન અને વેદાંત સોસાયટીના સ્થાપક સ્વામી વિવેકાનંદની જન્મજયંતિને ચિહ્નિત કરે છે.સ્વામી વિવેકાનંદ એક આધ્યાત્મિક નેતા અને ફિલસૂફ હતા જેમણે યુવાનોને પોતાના માટે વિચારવા અને તેમના જીવનમાં શ્રેષ્ઠતા માટે પ્રયત્ન કરવા પ્રોત્સાહિત કર્યા હતા. તે યુવાનોની પેઢીઓ માટે પ્રેરણારૂપ હતા, અને તેમના ઉપદેશો આજે પણ સુસંગત છે. આ દિવસે, ચાલો આપણે સ્વામી વિવેકાનંદના સંદેશને યાદ કરીએ અને આપણે શ્રેષ્ઠ બનવાનો પ્રયત્ન કરીએ.કાર્યક્રમમાં સ્વામી વિવેકાનંદના જીવનચારિત્ર્ય પર આધારિત વિવિધ પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પુસ્તકોનું વાંચન કર્યું હતું. કોલેજના આચાર્ય પાર્થિવ ચૌધરી, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન કોલેજના ગ્રંથપાલ તૃપ્તિબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા વિશ્વ સ્લોથ રીંછ દિવસની ઉજવણી




ગુજરાત સત્તા પ્રતિનિધિ-નિલય ચૌહાણ.

સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલના પ્રાણીશાસ્ત્ર વિભાગ દ્વારા IUCN અને વાઇલ્ડ લાઇફ એસ.ઓ.એસ. દ્વારા ઘોષિત વર્ષ ૨૦૨૨ માં પ્રથમ વાર ઉજવાતા વિશ્વ સ્લોથ રીંછ દિવસની ઉજવણી ૧૨ મી ઓક્ટોબરના દિવસે કરવામાં આવી હતી.

કોલેજના આચાર્ય ડો. પાર્થિવ ચૌધરી દ્વારા પ્રથમવાર ઉજવાતા રીંછ દિવસ નિમિત્તે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમમાં પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો રાજેશ સેનમા દ્વારા સ્લોથ રીંછની વસ્તીનું વિતરણ, નિવાસસ્થાન, ખોરાક, પ્રજનન વર્તણુક તથા માનવ અને રીંછ વચ્ચે થતા ઘર્ષણ વિશે માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત ગુજરાતમાં આવેલ રીંછ અભયારણ્યો વિશે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ સ્લોથ રીંછની જાળવણી માટે કટીબદ્ધતા દર્શાવી હતી.

## વાંકલ ની સરકારી વિજ્ઞાન કોલેજમાં ૧૫ માર્ચ વિશ્વ ઉપભોક્તા અધિકાર દિવસની ઉજવણી



ગુજરાત સત્તા પ્રતિનિધિ-નિલય ચૌહાણ

માંગરોળ તાલુકાના વાંકલ ગામે કાર્યરત સરકારી વિજ્ઞાન કોલેજમાં સ્થાપિત સ્ટાન્ડર્ડ ક્લબ અને બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ સુરત શાખાનાં સંયુક્ત ઉપક્રમે તા. ૧૫ માર્ચ વિશ્વ ઉપભોક્તા અધિકાર દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી અને બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ સુરત શાખાનાં ડાયરેક્ટર સંજય કુમાર સિંઘનાં માર્ગદર્શન હેઠળ, સ્ટાન્ડર્ડ ક્લબનાં કોઓર્ડીનેટર ડૉ. અનીલ કુમાર સિંઘ દ્વારા વિદ્યાર્થીઓને ઉપભોક્તાનો અધિકાર, એના મહત્વ, એની સુરક્ષા માટે કાનૂનો અને ઉપભોક્તા સુરક્ષા અધિનિયમ- ૨૦૧૯, વિશે જાણકારી આપવામાં આવી. વિશ્વ ઉપભોક્તા અધિકાર દિવસ ૨૦૨૩ ના આ વર્ષના થીમ હરિત ઉર્જા દ્વારા ઉપભોક્તાઓના સશક્તિકરણ કેવી રીતે થઇ શકાય આ મુદ્દા પર વિસ્તૃત વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ સંદર્ભે પોસ્ટર પ્રેઝેન્ટેશન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને વિજેતા થયેલ વિદ્યાર્થીઓને તેમની પ્રતિભાને બિરદાવતા દ્વારા રોકડ રકમનાં ઇનામો પણ એનાયત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ અને સમગ્ર સ્ટાફ ભાગ લઇ મહત્વની જાણકારી મેળવી હતી.

● GSC Vankal in NEWS : Academic Year: 2022-23 ●

દિવ્ય ભાસ્કર બારડોલી-વ્યારા ભાસ્કર 22-08-2022

# વાંકલમાં મધમાખી ઉછેર અંગે રાજ્યકક્ષાની કાર્યશાળા યોજાઈ

ભાસ્કર ન્યૂઝ | વાંકલ



માંગરોળ તાલુકાના વાંકલ ગામે કાર્યરત સરકારી વિજ્ઞાન કોલેજમા મધમાખી ઉછેર અંગે રાજ્યકક્ષાની કાર્ય શાળા યોજાઈ હતી.

વાંકલ કોલેજના પ્રાણીશાસ્ત્ર વિભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી સુરત તેમજ એસોસિયેશન ઓફ ઝુઓલોજીસ્ટના સંયુક્ત ઉપક્રમે મધમાખી ઉછેર વિષય પર કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરતનાં સિનિયર સાયન્ટિસ્ટ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સુરત ના વડા ડો.જનકસિંહ રાઠોડ તેમજ એસોસિયેશન ઓફ ઝુઓલોજીસ્ટના ડો. અરૂણ ધોળકીયા, કોલેજ ઓફ એગ્રીકલ્ચર, વઘઈના આચાર્ય ડો.જયેશ પસ્તાગિયા, નવસારી કૃષિ યુનિવર્સિટીના ડો. અભિષેક મહેતા, અશોકભાઈ પટેલ, ભગુભાઈ પટેલ તથા મોડેલ સ્કૂલ ડેડીયાપાડા ના આચાર્ય પ્રિયંકા ચૌધરી ઉપસ્થિત રહ્યા હતાં.આ કાર્યક્રમમાં સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલના આચાર્ય ડો.પાર્થિવ ચૌધરી તથા પ્રાણીશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડો. રાજેશ સેનમા અને સમગ્ર ગુજરાતમાંથી વિદ્યાર્થીઓ અને ખેડૂતો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.ડો. જનક એચ. રાઠોડ એ તાલીમાર્થીઓને કૃષિની સાથે સાથે આ પ્રકારના વ્યવસાય કરીને જીવન શકાય તે વિષે માહિતગાર કર્યા હતા.

# સરકારી વિજ્ઞાન કોલેજ ના "સ્ટાન્ડર્ડ ક્લબ" દ્વારા BISના ડોર-ટુ-ડોર કાર્યક્રમનો BIS ના સ્થાપના દિવસ નિમિતે પ્રારંભ

ગુજરાત સત્તા
પ્રતિનિધિ-. નિલય ચૌહાણ.



માંગરોળ તાલુકાના વાંકલ ગામે કાર્યરત સરકારી વિજ્ઞાન કોલેજ ના સ્ટાન્ડર્ડ કલબ તથા બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ - સુરત શાખાના સંયુક્ત ઉપક્રમે બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ના જાગરૂકતા કાર્યક્રમ ડોર-ટુ-ડોર નો પ્રારંભ કરાયો હતો. જે અંતર્ગત તા. ૦૬ /૦૧ / ૨૦૨૩ ના રોજ સરકારી વિજ્ઞાન કોલેજ ના સ્ટાન્ડર્ડ કલબના ૮૦ જેટલા વિદ્યાર્થીઓ દ્વારા ગ્રાહકની જાગૃતિ માટે ડોર ટુ ડોર અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રવૃતિ કોલેજના આચાર્ય ડો. પાર્થિવ ચૌધરી, બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) સુરત શાખાના ડાયરેક્ટર અને હેડ શ્રી સંજયકુમાર સિંઘ અને સ્ટાન્ડર્ડ પ્રમોશન ઓફિસર શ્રી નીતિન ડોડીયા ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

જેમાં કોલેજના વિદ્યાર્થીઓને (માનક મિત્રો) BIS ની સમગ્ર કાર્યપદ્ધતિની વિગતવાર માહિતી આપવામાં હતી. ત્યારબાદ આ પ્રવૃતિમાં માનક મિત્રો દ્વારા લોકો સાથે વાર્તાલાપ કરી તેમને વિવિધ ગુણવત્તાના ધોરણો વિશે માહિતગાર કરાયા તેમજ માનકનું મહત્વ સમજાવી જાગૃતતા ફેલાવી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સ્ટાન્ડર્ડ કલબના કોઓર્ડિનેટર ડો. અનિલ સિંઘ તથા માઈક્રોબાયોલોજી વિભાગના અધ્યાપક વિરાજ ચૌધરી તથા પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ શ્રી ડો.રાજેશ સેનમા તથા રસાયણશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક મયુર મોરજા દ્વારા કરવામાં આવ્યું હતું.

દિવ્ય ભાસ્કર બારડોલી-વ્યારા ભાસ્કર 21-03-2023

# વાંકલ કોલેજમાં વિશ્વ ચકલી દિવસની ઉજવણી, ચકલી ઘરોનું વિતરણ કરાયું



વાંકલ | માંગરોળ તાલુકાના વાંકલ વિજ્ઞાન કોલેજ આચાર્ય ડો. પાર્થિવ ચૌધરી તેમજ પાણીશાસ્ત્ર વિભાગના ડોક્ટર રાજેશ સેનમા કોલેજના વિદ્યાર્થીઓને માહિતી આપતા જણાવ્યું કે વિશ્વ ચકલી દિવસ નિમિત્તે વિવિધ જગ્યાએ ચકલીના માળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે, ત્યારે લુપ્ત થઈ આ પ્રજાતિને બચાવવા નક્કર પગલા લેવામાં નહિ આવે તો આવનારી પેઢીએ ચકલી પણ ફોટામાં અને સોશિયલ મીડિયામાં જ જોવી પડશે. આપણા ઘરોમાં ઉડાઉડ કરતી ચકલી ડોમેસ્ટિક્સ કેટેગરીમાં આવતું એક પક્ષી છે. ચકલી યુરોપ અને એશિયા ખંડમાં સામાન્ય રીતે દરેક જગ્યા પર જોવા મળે છે. આ ઉપરાંત જગતભરમાં જ્યાં જ્યાં માણસ ગયો, અને અમેરિકાના મોટાભાગના સ્થાનો, આફ્રિકાના કેટલાંક સ્થાનો, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા તથા અન્ય નગરીય વસાહતોમાં પોતાનું ઘર બનાવવાનું ચાલુ કર્યું. શહેરી વિસ્તારોમાં ચકલીઓની છ પ્રજાતિઓ જોવા મળી છે. આમાંથી હાઉસ સ્પેરોને ગુજરાતમાં ચકલી અને હિંદીમાં ગોરૈયા કહેવામાં આવે છે. માળો બાંધવા માટે વધુ વૃક્ષો વાવવા પડશે.

# વાંકલ ની સરકારી વિજ્ઞાન કોલેજમાં સ્પોર્ટ્સ વીક ની ઉજવણી થઈ

ગુજરાત સત્તા
પ્રતિનિધિ-.. નિલય ચૌહાણ.



સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ ખાતે સપ્તધારા-ખેલકૂદ,વ્યાયામ અને યોગધારા તેમજ આઝાદી કા અમૃત મહોત્સવ તથા ફીટ ઇન્ડિયા, અંતર્ગત વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું

કોલેજનાં આચાર્યશ્રી ડો. પાર્થિવ.કે.ચૌધરી દ્વારા શારીરિક શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું અભ્યાસની સાથે સાથે રમત-ગમત ક્ષેત્રે આગળ વધી પોતાનું તથા કોલેજનું નામ રોશન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી વિદ્યાર્થીઓને શારીરિક તથા માનસિક રીતે સ્વસ્થ રહેવા માટે આહવાન કર્યા. ત્યારબાદ સામુહિક રાષ્ટ્રગાન કરી રમતોને ખુલી મૂકવામાં આવી.

ખો-ખો ભાઈઓ અને બહેનોની સ્પર્ધામાં અનુક્રમે ટી.વાય. બોટની તથા એસ.વાય. બોટની, કબડ્ડી ભાઈઓની સ્પર્ધામાં ટી.વાય. કેમેસ્ટ્રી, વોલીબોલ સ્પર્ધામાં ધ માસ્ટર શૂટર્સ બોટની, બેડમિન્ટન ભાઈઓ-બહેનોમાં અનુક્રમે વસાવા જયદીપ તથા શેખ તૈયબભાનુ મુસ્તાક, ચેસ ભાઈઓ-બહેનોમાં અનુક્રમે ચૌધરી દીક્ષિત તથા મકવાણા ઉર્વી, યોગાસનમાં જાદવ યોગેશ, ૧૦૦ મી. દોડ ભાઈઓમાં અનુક્રમે દીવાન સાજીદ, ચૌધરી દેવેન, વસાવા અમિત તથા ૧૦૦ મી. દોડ બહેનોમાં ચૌધરી શિવાંગી, ચૌધરી પ્રિયા તથા ગામિત કેરન, ક્રિકેટ બહેનોમાં એસ.વાય. બોટની અને ક્રિકેટ ભાઈઓમાં ટી.વાય. બોટની ટીમ વિજેતા તરીકે જાહેર થઇ. સ્પોર્ટ્સ વીક દરમ્યાન શા.શિ. વિભાગના ડો.વાય. એલ.ચૌધરી તથા ખેલકૂદ,વ્યાયામ અને યોગધારા સમિતિનાં સભ્યો તથા સમગ્ર કોલેજ પરિવાર દ્વારા તમામ સ્પર્ધાઓનું સફળ આયોજન કરવામાં આવેલ હતું.

# વાંકલ વિજ્ઞાન કોલેજમાં મહેંદી, રંગોળી સ્પર્ધા

વાંકલ | માંગરોળ સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ ખાતે સપ્તધારા રંગકલા કૌશલ્ય ધારા અને સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત મહેંદી, આરતી થાળી શણગાર. કેશ ગૂંથણ અને રંગોળી સ્પર્ધાની ઊજવણી કરવામાં આવી હતી. મહેંદી સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ સર્વધર્મ સમભાવ, બેટી બચાવો જેવા વિચારો મહેંદીના માધ્યમ દ્વારા રજૂ કર્યા હતા. આરતી થાળી શણગાર સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પરંપરાગત વસ્તુઓ સિવાય અન્ય સામગ્રી દ્વારા પણ અવનવી ભાતમાં આરતી થાળી શણગારી હતી. કેશ ગુંથણના સ્પર્ધામાં દુલ્હન, વેસ્ટર્ન અને અન્ય પ્રકારના કેશ ગૂંથણ ગુંથ્યા હતા. આચાર્ય પાર્થિવ ચૌધરીએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા .

# વાંકલ કોલેજ ખાતે સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી



ધબકાર પ્રતિનિધિ, વાંકલ, તા. ૨૭

સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ ખાતે સંવિધાન દિવસની ઉજવણી કરવામાં આવી ૨૬ નવેમ્બર ૧૯૪૯ ના રોજ ભારતની બંધારણ સભાએ ભારતનું બંધારણ અપનાવ્યું છે જે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ થી અમલમાં આવ્યું જેના

ઉજવણીના ભાગરૂપે ભારતના બંધારણના ઘડવૈયા ડો. ભીમરાવ આંબેડકરને પુષ્પાજલી અર્પણ કરવામાં આવી હતી અને ડો. ભીમરાવ આંબેડકરનું યોગદાન જણાવવામાં આવ્યું હતું તેમજ ભારતના બંધારણ દિવસ ના મહત્વ તેના વિશે માહિતી ની સમજ આપી ભારતીય બંધારણના પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.આપણા મૂળભૂત અધિકારો હકો અને ફરજો વિશે જણાવવામાં આવ્યું હતું.

# વાંકલ સાયન્સ કોલેજમાં પ્રાણીશાસ્ત્ર વિષય પર સેમિનાર યોજાયો

## નવસારી કામધેનુ યુનિવર્સિટીના ડો.યોગેશ પઢેરીયા અને ડો. જીગર પટેલ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન અપાયું



ગુજરાત સત્તા
પ્રતિનિધિ-નિલય ચૌહાણ.

માંગરોળ તાલુકાના વાંકલ ગામે કાર્યરત સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે પ્રાણીશાસ્ત્ર વિભાગ, સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ તથા કામધેનુ યુનિવર્સીટી, નવસારીના સંયુક્ત ઉપક્રમે આર્થિક પ્રાણીશાસ્ત્ર વિષય પર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં તજજ્ઞ વક્તા તરીકે કામધેનુ યુનિવર્સીટી, નવસારી ના પ્રાધ્યાપક ડો. યોગેશ પઢેરીયા હાજર રહ્યા હતા. તેમણે ભારતમાં તથા ગુજરાતમાં મરઘાં પાલનના વ્યવસાય વિશે માહિતી, મરઘાંની વિવિધ નસલો, મરઘાંપાલન વ્યવસાયમાં માંસ અને ઈંડા માટે કઈ કઈ જાતોનો ઉછેર કરવામાં આવે છે તેની માહિતી, તેની જાળવણી માટે ધ્યાન રાખવા જેવી બાબતો, તેના ખોરાકના સાધનો, પાણીના સાધનો, રસીકરણ અને તેનું આર્થિક મહત્વ જેવા મુદ્દાઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી. ડો. જીગર પટેલ દ્વારા ડેરી ઉદ્યોગ, ગાય, ભેંસ, ઘેટાં, બકરાંની વિવિધ નસલો અને દુધ ઉત્પાદન અને ડેરી ઉદ્યોગનું આર્થિક મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડો. પાર્થિવ ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને આર્થિક પ્રાણીશાસ્ત્ર વિષય પર રસ કેળવવા અનુરોધ કર્યો હતો તથા કામધેનુ યુનિવર્સીટી, નવસારીના ડીન અને પ્રિન્સિપાલ ડો. ખરાડી નો આભાર વ્યક્ત કર્યો હતો પ્રાણીશાસ્ત્ર વિભાગના વડા ડો. રાજેશ સેનમા દ્વારા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ વિષયનું સૈદ્ધાંતિક જ્ઞાનની સાથે-સાથે વ્યવસાયિક સજ્જતા પણ કેળવે તેવા ઉમદા હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તથા આર્થિક પ્રાણીશાસ્ત્ર વિષયમાં સમાવેશ થતા અન્ય વિષયો વિશે માહિતી આપવામાં આવી હતી. આર્થિક પ્રાણીશાસ્ત્ર વિષયમાં સમાવેશ થતા વિવિધ વિષયોને વ્યવસાય તરીકે સ્વીકારી અર્થોપાર્જન કરી પોતાનું જીવનનિર્વાહ ચલાવી શકાય અને એક સફળ વ્યક્તિ બની શકાય તેવી આશા વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા ડો. પુષ્પા શાહ, શીતલ પટેલ, તમન્ના ચૌધરી, તબસ્સુમ કુરેશી તથા મિતલ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ભુમિકા વસાવા તથા દિશા ભાટી દ્વારા કરવામાં આવ્યું હતું.

# વાંકલ ની સરકારી વિજ્ઞાન કોલેજમાં રાત્રિ દરમિયાન આકાશ દર્શન કાર્યક્રમ યોજાયો



**વિદ્યાર્થીઓએ ટેલિસ્કોપ થી ગ્રહો ઉપગ્રહો તારા ઓ નું પ્રત્યક્ષ અવલોકન કર્યું**

સુરત ઉદય-વાંકલ

માંગરોળ તાલુકાના વાંકલ ખાતે આવેલ સરકારી વિજ્ઞાન કોલેજમાં રાત્રિ દરમિયાન આકાશ દર્શનનો કાર્યક્રમ યોજાતા વિદ્યાર્થીઓએ ટેલિસ્કોપથી ગ્રહો ઉપગ્રહો વિવિધ તારા ઓ નું પ્રત્યક્ષ અવલોકન કર્યું હતું

૨૮ ડિસેમ્બર વિજ્ઞાન દિવસ ના સંદર્ભે અવકાશ ના ગ્રહો યોગ્ય દિશા માં હોવાથી ભૌતિક શાસ્ત્ર વિભાગ દ્વારા ટેલિસ્કોપ થી આકાશ દર્શન કાર્યક્રમ નું આયોજન કરાયું હતું. જેમાં કોલેજના ૪૦ જેટલા પસંદગી કરાયેલા વિદ્યાર્થીઓ અને કોલેજ સ્ટાફ દ્વારા આ કાર્યક્રમ નિહાળવામાં આવ્યો હતો જેમાં આકાશ દર્શનના તજજ્ઞ તરીકે સુરત નવયુગ સાયન્સ કોલેજ ના એસોસિયેટ પ્રોફેસર સંજય પંડ્યા હાજર રહ્યા હતા.

તેમના દ્વારા આકાશ દર્શન કાર્યક્રમ અંતર્ગત વિવિધ ગ્રહો, ઉપગ્રહો, તારાઓ તથા વિવિધ તારા મંડળો વિશે માહિતી આપવામાં આવી હતી તથા ટેલિસ્કોપ દ્વારા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ અવલોકન કરાવવામાં આવ્યું હતું.

કોલેજના આચાર્ય ડૉ. પાર્થિવ ચૌધરી દ્વારા વિદ્યાર્થીઓને આકાશ દર્શન પ્રત્યે કેળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. હેમલ વણકર, ડો. કુંજલ પટેલ તથા આરતી ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# Faculty Achievements

| Faculty | Achievements |
|---|---|



**Rajesh C. Senma**

- ★ **Publication:** Prajapati, S.H., Acharya, C.A., **Senma, R.C**. and Prajapati, R.C. (2022). *Pranishastra ZL-CC-101.* Nirav Prakashan, Ahmedabad. 2nd Edition. ISBN- 978-93-82514-41-1(Print). (Prescribed as a Text Book for Semester II, Hemchandracharya North Gujarat University, Patan).
- ★ **Membership:** Member, Board of Directors, AOZ Association of Zoologists
  Zonal Coordinator, South Gujarat, AOZ Association of Zoologists
  Member, Governing Council, WCB Research Foundation
  Organization Minister, Gujarat State Government College Teachers Association (GSGCTA)



**Meghna R. Adhvaryu**

- ★ **Publication:** Hetal Patel and **Meghna Adhvaryu**.(2022). Ecotourism Can Promote Sustainable Development in Sacred Grove of Parnera Hills. *Ecology, Environment and Conservation*. S362-S369.
- Hetal Patel and **Meghna Adhvaryu**.(2022). Ethno-botanical dimension of Sacred Groves in Valsad District, Gujarat, India. *Journal of Biodiversity and Environmental Sciences*., 21(01): 108-125.
- Aparna A Rathod and **Meghna Adhvaryu**.(2023). Evaluation of Growth and Reproductive parameters of tomato plant (*Solanum lycopericum*) for Application of Organic and Inorganic fertilizers. *International Journal of Science Research In Science and Technology*; 10 (3): 227-232.
- Aparna A Rathod and **Meghna Adhvaryu**.(2023). Comparative Study of Reproductive Biology in *Solanum melongena* L. using different fertilizers. *International Journal of Botanical Studies*; 8 (5):1-6.
- **Meghna Adhvaryu** and Bhasker Vakharia. (2022). Ch-59 Ficus racemosa L. (Family: Moraceae): Much Worshiped, Less Studied. In T. Pullaiah (Ed)., Vol-2 Biomolecules and Pharmacology of Medicinal Plants. Apple Academic Press, U.S and Canada, Co-Published with CRC Press – Taylor & Francis Group.
- **Meghna Adhvaryu** and Bhasker Vakharia. (2022). Ch-9 Chemical Composition and Biological Properties of Bauhinia purpurea L. Benth. In T. Pullaiah (Ed)., Bioactives and Pharmacology of Legumes. Apple Academic Press, U.S and Canada, Co-Published with CRC Press – Taylor & Francis Group.
- ★ **Membership:** BAAG – Life membership in Botanical Advanced Association Gujarat
- ★ **Ph.D. Supervision :** Ms. Hetal M. Patel; Title of the Thesis :" Ecological Catastrophe in Sacred Groves of Valsad District and its Impact on Socio-Economic Development" (Degree Awarded – 2023), Veer Narmad South Gujarat University, Surat.



**Nishant S. Junnakar**

- ★ **Degree Awarded:** M.A. Degree in Education from Indian Institute of Teacher Education (IITE), Gandhinagar, 2023.



**Hemal P. Vankar**

- ★ **Degree Awarded**: Ph.D. degree in Physics from Gujarat University in October 2021.
  Title of the Thesis : "Dielectric and Physico-Chemical Properties of Binary Mixtures of 3-Bromoanisole and Some Associative Polar Liquids"
- ★ **Publication:** Patel, S. P., Prajapati, A. N., **Vankar, H. P.**, & Rana, V. A. (2022). Dielectric Dispersion Response of Binary Mixtures of n-Butanol and Valeronitrile. Advanced Materials Research, 1169, 73-77. https://doi.org/10.4028/p-e8zq99
- Thakor, S. G., Rana, V. A., **Vankar, H. P.**, & Pandit, T. R. (2021). Microwave Dielectric Relaxation Spectroscopy of Nano Filler Loaded Epoxy Composite. Indian Journal of Pure & Applied Physics (IJPAP), 59(9), 643-650. https://doi.org/10.56042/ijpap.v59i9.35707
- Rana, V. A., Shah, N. S., Shah, K. N., & **Vankar, H. P**. (2023). Dielectric spectroscopy and molecular dynamic simulation study of binary mixtures of benzaldehyde and methanol at 303.15 K. Journal of Molecular Liquids, 369, 120829. https://doi.org/10.1016/j.molliq.2022.120829



**Kunjal S. Patel**

- ★ **Publication:** Jethwa, V. P., **Patel, K.,** Patel, A., & Pathak, V. M. (2023). Structural, electrical, and optical properties of DVT-grown SnX (X=S, Se) crystals. Journal of Materials Science: Materials in Electronics 2023 34:20, 34(20), 1–13. https://doi.org/10.1007/S10854-023-10912-X
- Jethwa, V. P., **Patel, K.**, & Pathak, V. M. (2023). Investigations of SnS 0.5 Se 0.5 ternary alloy crystals for their device application. Optical Materials, 140, 113835. https://doi.org/10.1016/J.OPTMAT.2023.113835
- Patel, H., **Patel, K.**, & Patel, K. D. (2023). High-performance self-biased photodetectors based on Bi-incorporated ReSe 2 ternary alloys. Optical Materials, 137,113559. https://doi.org/10.1016/J.OPTMAT.2023.113559



**Mayuresh Kr.Mishra**

- ★ **Degree Awarded**: Ph. D. degree in English from Indian Institute of Technology, Roorkee
  Title of the Thesis : "Folk Theatre as Cultural Performance: A Con/textual Study of the *Nautanki* of Uttar Pradesh"

# Faculty Achievements



Mayur I. Morja

★ **Degree Awarded**: Ph.D. degree in Chemistry from Veer Narmad South Gujarat University, Surat in 2022
Title of the Thesis : "Design and Synthesis of N, O and S based bioactive scaffolds"

★ **Publication:** **Morja, M. I.**, Chauhan, P. M. & Chikhalia, K. H. (2021). Iron catalyzed alkynylation of thiohydantoins with terminal alkyne via cross-dehydrogenative coupling (CDC). Tetrahedron Letters, 77, 153148.https://doi.org/10.1016/j.tetlet.2021.153148

- **Morja, M. I.**, Chauhan, P. M., & Chikhalia, K. H. (2021). Palladium-Catalyzed Novel C (formyl)-C (aryl)/C (aryl)-N (amine) Coupling Sequence Between 2-(Methylamino) nicotinaldehyde and 3-Bromo-2-chlorothiophene: An Efficient Construction of 4-Pyridone Fused Hybrid Scaffolds. ChemistrySelect, 6(20), 5014-5020. https://doi.org/10.1002/slct.202100790
- **Morja, M. I.**, Chauhan, P. M., & Chikhalia, K. H. (2021). Palladium (II)-catalyzed direct annulation of 2-chloronicotinaldehyde with 2-bromothiophenol via novel C (formyl)-C (aryl) coupling strategy. Research on Chemical Intermediates, 47, 4513-4524. https://doi.org/10.1007/s11164-021-04536-1
- **Morja, M. I.**, Viradiya, R. H., & Chikhalia, K. H. A compilation of multicomponent approaches involving carbon disulfide. Asian Journal of Organic Chemistry, e202300034. https://doi.org/10.1002/ajoc.202300034
- **Morja, M. I.**, & Chikhalia, K. H. (2023). Palladium (0)-catalyzed aryne annulation: a powerful strategy for the synthesis of thio-bridged compounds. Molecular Diversity, 27(1), 299-311. https://doi.org/10.1007/s11030-022-10424-6
- Makwana, B. S., **Morja, M. I.**, & Chikhalia, K. H. (2023). An efficient construction of quinoline-based hybrid scaffolds through palladium-catalyzed CS coupling. Tetrahedron Letters, 121, 154462. https://doi.org/10.1016/j.tetlet.2023.154462
- **Morja, M. I.**, Moradiya, R. B., Makwana, B. S., & Chikhalia, K. H. (2023). Iron-catalyzed construction of cyanomethylated thiohydantoins by cross-dehydrogenative C (sp3)-C (sp3) coupling. Journal of Heterocyclic Chemistry, 60(3), 449-457. https://doi.org/10.1002/jhet.4599
- **Morja, M. I.**, Chauhan, P. M., & Chikhalia, K. H. (2022). Copper-Catalyzed C-H Functionalization: C-C Bond Construction via Cross Dehydrogenative Coupling (CDC). Handbook of CH-Functionalization, 1-40. https://doi.org/10.1002/9783527834242.chf0054
- **Morja, M. I.**, Moradiya, R. B., & Chikhalia, K. H. (2022). First-row transition metal for isocyanide-involving multicomponent reactions (IMCR). Molecular Diversity, 1-40. https://doi.org/10.1007/s11030-022-10583-6
- Moradiya, R. B., **Morja, M. I.**, Chauhan, P. M., & Chikhalia, K. H. (2022). Metal-Catalyzed Approaches for the Construction of Azepinones. ChemistrySelect, 7(27), e202201168. https://doi.org/10.1002/slct.202201168
- **Morja, M. I.**, & Chikhalia, K. H. (2022). Iron-catalyzed intermolecular cross-dehydrogenative C (sp3)–H/C (sp)–H coupling of pyrimidine bearing 4-thiazolidinones with terminal alkynes. Molecular Diversity, 26(6), 3037-3045. https://doi.org/10.1007/s11030-021-10363-8
- Chauhan, P. M., **Morja, M. I.**, Asamdi, M., & Chikhalia, K. H. (2022). Copper catalyzed decarboxylative coupling between coumarin 3-carboxylic acid and 4-thiazolidinones. Tetrahedron Letters, 91, 153538. https://doi.org/10.1016/j.tetlet.2021.153538
- Patel, J. J., **Morja, M. I.**, Chauhan, P. M., & Chikhalia, K. H. (2022). Potent biological investigation into a new class of sulfone derivatives endowed with quinolinyl –cyclopropane analogue. Journal of the Iranian Chemical Society, 1-17. https://doi.org/10.1007/s13738-021-02402-



Nikhil Chaudhari

★ Appointed for the post of Assistant Professor in Physics through Gujarat Public Service Commission (Gujarat Education Services-II) in 2022 at Government Science College, Valod, Dist. Tapi.



Priti Chaudhari

★ Appointed for the post of Assistant Professor in Physics through Gujarat Public Service Commission (Gujarat Education Services-II) in 2022 Shri R.R. Lalan College, Bhuj.



Zankhana M. Chaudhari

★ Qualified Gujarat State Eligibility Test - 2022 in Chemical Sciences.



Shrujal D. Chaudhari

★ Qualified Gujarat State Eligibility Test - 2022 in Life Sciences.



Drashti K. Patel

★ Qualified Gujarat State Eligibility Test - 2022 in Physical Sciences.



Sejal Patel

★ Qualified Gujarat State Eligibility Test - 2022 in Mathematical Sciences.

# DUAL LIFE SCIENCE PVT LTD

212-Platinum Plaza, Nr. VT Circle, Sarthana, Surat-395006 Email: info@duallife.in M. 9265117222

**Dr. Prakash Mansara**
(M.sc. Ph.D.)
Managing Director

+91 83900 95759
+91 92651 17222
info@dualife.in

**Mr. Bhavesh Gajera**
Managing Director
+91 91069 74612
bhavesh@duallife.in

## Our Business Domains

**Life Science Business**

**Health Care Business**

**Manufacturing**
- PHARMA / CLEAN ROOM Furniture
- Hospital Furniture
- Laboratory Equipments

**Turnkey Solution / Complete Setup**
- Molecular Diagnostics Lab
- University / College Lab
- Pathology Lab
- Pharma Lab
- CT/MRI Setup

**Distribution**
- IMPORTED
- INDIGENIOUS (MAKE IN INDIA)

**Calibration & Maintenance**
- AMC
- CMC
- NABL
- NABH

## The DUSL LIFE Company

We, DUAL LIFE SCIENCE PVT LTD, introduce ourselves as Manufacturer, Exporter and Supplier of scientific laboratory and Healthcare Equipment. The Company headquarter is in Surat (Gujarat), India. The Company is founded by highly experienced Personnel in the field of LIFE SCIENCE. Since our inception, we Emphasise quality and timely delivery and always strive to meet the requirements of our potential customers. We're always coming up with new ideas to assist our industry flourishment. We maintain adequate profitability while implementing a variety of cost-cutting measures based on current technology and industry standards.

## Our Mission

With strong will and desire, we strive hard to exceed the expectations of our esteemed clients by delivering the most suitable products at extremely competitive rates.

## Our Vision

To work diligently, binding to our core value system with the highest ethical standards, and be a renowned and valued company in our field of functioning.

## Dual Life Science Pvt. Ltd.

is an ISO-certified industry that was established in 2015 under the leadership of our MD, Dr. Prakash Mansara, who effectively organizes resources efficiently for manufacturing and supplying highquality and affordable products. Our business image has grown leaps and bound due to our esteemed clients who are regularly buying our products.

## Why Us

Since our commencement, we have been indulged in providing top quality products to our clients and ensure their utmost satisfaction. Following are the facts for which we are the preferred choice of our clients:

- Timely Delivery
- State-of-art Manufacturing unit
- Fair business policy
- Qualitative range of products
- Wide distribution network
- Affordable price structure
- Successful Business Operation
- Leader in Life Science
- Unmatched Customer Support
- Strong Relationship with Customers
- Solution in Biotechnology Equipment
- Manufacturing Facilities

**Deals in :**

- Laboratory Chemicals
- Glassware & Surgical Items
- Scientific Goods
- Repairing of Surgical - Laboratory Instruments
- SD Glucometer

**Nilay Shah**
**M : 9979407777**

# Jinay Enterprise

Shop No. 1, Ishwar Krupa Apartment, Behind Gail Tower Society,
Rander Road, Surat-395 009.
M: 99794 07777, E-Mail : nsshah.2008gmail.com



**Hiren P. Chaudhari**

**Mo. 99794 94299**
**79844 33088**



# KARUNA-NIDHI MANDAP SERVICE

અમારે ત્યાં લગ્ન તથા શુભ પ્રસંગે ફેન્સી મંડપ અને સાદા મંડપ,
ગાદલા, ખુરશી, ટેબલ, ડીશ-વાટકી, LED, લાઈટ પાર,
લાઈટ જનરેટર તથા મંડપને લગતી દરેક આઈટમ મળશે.

At. Boriya, Ta. Mangrol, Dist. Surat-399 430.

આરીફ શેખ
સાહીદ શેખ

Mob. 97234 39538
98799 34990

Dosti Tour & Travels





# દોસ્તી ટુર એન્ડ ટ્રાવેલ્સ

અમારે ત્યાં, જેવી કે ઈનોવા કાર, ટેમ્પો ટ્રાવેલ્સ, ૧૭-૨૫ સીટ મીની બસ, ૫૬ સીટ બસ (A/C) ભાડે મળશે.

સ્કુલ,કૉલેજ, સીનીયર સીટીઝન તેમજ ફેમિલી ટુર, લગ્ન પ્રસંગમાં ગાડી મળશે.

સ્કુલ,કૉલેજ, સીનીયર સીટીઝન તેમજ ફેમિલી ટુર, લગ્ન પ્રસંગમાં ગાડી મળશે.

પાસપોર્ટ, એર ટીકીટ, એરપોર્ટ પીકઅપ-ડ્રોપ, ટ્રેન ટિકિટ, બુકિંગ કરાવી આપવામાં આવશે.

**કારકેર સર્વિસ, ધોબણી નાકા, માંડવી, જિ. સુરત.**



# THE MS TROPHY HOUSE

we provide something special

મિસાલ પટેલ

mstrophyhouse2017@gmail.com

સંપર્ક માટે
૮૩૦૬૫ ૬૫૨૫૨
૯૩૨૮૫ ૪૬૦૮૦

એફ ૮ થી ૧૩, નંદિની રેસિડેન્સી શોપિંગ સેન્ટર, ધામદોડ રોડ, બારડોલી, જી. સુરત-૩૯૪૬૦૧

**ટ્રોફિ, સ્મૃતિચિન્હ, પ્રમાણપત્ર, પુરસ્કારો અને ગિફ્ટ**

દરેક પ્રકારની ટ્રોફી, મેડલ અને સ્મૃતિચિન્હ રીટેલ અને વેપારી ઉપલબ્ધ રહેશે.




અમારી સંસ્થા જે છેલ્લા છ વર્ષથી દક્ષિણ ગુજરાત અને ગુજરાતના ઘણા વિસ્તારોમાં રમતગમત વિભાગ, શાળા અને કોલેજ વિભાગ, સરકારી વિભાગ, તમામ પ્રકારની સહકારી સંસ્થાઓ અને બેંકો અને એવી ઘણી સંસ્થાઓ સફળતાપૂર્વક કામ કરી રહી છે.

યોગ્ય લખાણ અને ડિઝાઈન સાથે સારી સુવિધા પૂરી પાડવી અને ગુજરાતના દરેક વિસ્તાર માટે નજીકના પાર્સલ સેન્ટર પર કુરિયરની સુવિધા પણ.



''તમારી સંસ્થા માટે અમે સ્મૃતિચિચિન્હો, ટ્રોફી અને પુરસ્કારોની મહત્તમ સંખ્યા સાથે ઝડપી અને સરળ સુવિધા પ્રદાન કરીએ છીએ.

ગૌરવપૂર્ણ સભ્ય — અધિકૃતતા ધારક — સ્થાપક અને મુખ્ય કારોબારી અધિકારી



Varshil Sheth Mob.: 99099 57539

# NSP NIRAV
## STATIONERS & PRINTERS

Mfg. of All Types of Paper Stationery & Printers

### OUR PRODUCTS

- Full-Scapes
- Journal
- File Page / Project Paper
- Certificate & Index
- Drawing Book
- Advertising Material
- Note-book
- Supplementary
- Spring & Office File
- School Diary (ALMANAC)
- Drawing & Canvas Sheet
- Administrative Stationery

437/3, Dudh Vadi Pol, Akhada Vado,
Trijo Khancho, Gheekanta Road, Ahmedabad-380001
M.No.: 95100 51147 | niravstationersandprinters@gmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥
॥ જય ખોડીયારા॥



RAJUBHAI CHAUDHARI
Mob. 9727579406

# આઈ શ્રી ખોડીયાર
## વડાપાઉં & ટી સેન્ટર




**ઠંડા પીણા મળશે**

**મુક્તાનંદ પાર્કની સામે, ઝંખવાવ રોડ, વાંકલ**

''વિના સહકાર નહિ ઉધ્ધાર''

# શ્રી પાનેશ્વર દૂધ ઉત્પાદક સહકારી મંડલી લિ. વાંકલ

## તા. માંગરોલ, જિ. સુરત - ૩૯૪૪૩૦

**નોંધણી નંબર : સે.(દુ) ૧૩૯૧૯ / તારીખ : ૧૮/૧૧/૧૯૭૬**

## :: મંડળીનું આર્થિક પાસુ ::

| | | |
|---|---|---|
| મંજુર થયેલુ શેર ભંડોળ | : રૂ. | ૨૫,૦૦૦/- |
| વસુલ આવેલ શેર ભંડોળ | : રૂ. | ૧૫,૮૮૦/- |
| રિઝર્વ ફંડ | : રૂ. | ૪૦,૬૩,૫૮૯/- |
| અન્ય ફંડો | : રૂ. | ૨,૩૭,૬૩,૦૬૫/- |
| ઘસારા ફંડો | : રૂ. | ૧,૧૪,૮૯,૩૦૮/- |
| શેરમાં રોકાણ | : રૂ. | ૭,૭૨,૬૦૦/- |
| મિલ્કતોમાં રોકાણ | : રૂ. | ૨,૧૭,૩૫,૭૧૧/- |

| | |
|---|---|
| દૂધ ખરીદી લીટર | : ૨૫,૧૬,૭૯૯.૦૦ |
| દૂધા ખરીદી રકમ | : ૧૦,૨૬,૫૫,૫૭૮/- |

ઓડીટ વર્ષ : અ    સભાસદ સંખ્યા : ૨૮૦

## :: વ્યવસ્થાપક કમિટિના સભ્યો ::

### પ્રમુખ : શ્રી નૌશીરભાઈ મહેરજીભાઈ પારડીવાલા

| | |
|---|---|
| શ્રી નરેન્દ્રભાઈ રતનજીભાઈ મક્વાણા | શ્રીમતિ રીનાબેન અનિલભાઈ ચૌધરી |
| શ્રી કેશવભાઈ દામજીભાઈ ચૌધરી | શ્રીમતિ મીનાબેન નટવરભાઈ ચૌધરી |
| શ્રી રામુભાઈ ભેખડાભાઈ ગામીત | શ્રીમતિ લલીતાબેન ઝીણાભાઈ ચૌધરી |
| શ્રી જશુભાઈ ઘનાભાઈ ચૌધરી | શ્રી ભરતકુમાર પ્રતાપભાઈ વસાવા |
| શ્રી ખાનસીંગભાઈ હીરીયાભાઈ ચૌધરી | શ્રી સેવજીભાઈ ચામડભાઈ ચૌધરી |


micron OPTIK
Since 1966
MICRON INSTRUMENT INDUSTRIES
A TRUSTED NAME IN BIOLOGICAL MICROSCOPES WORLD WIDE
ISI
CE Certified
EN-ISO-13485 Certified
An ISO 9001:2015 CERTIFIED COMPANY
Contact us :
+91-7082448438
+91-7728834755
+91-9416020211
www.microscopes-india.com
micronoptik@gmail.com
Office : 83, Gobind Nagar, Ambala Cantt.
Factory : 293, H.S.I.I.D.C., I.G.C., Saha, Ambala.


:: SINCE ::
2002
SIGN OF HAPPINESS
AN ART OF HONOURING DIFFERENT ACHIEVEMENTS
MAYUR K. PETIGARA
L-5, Shakuntal Complex, Beside Sanghvi Towers,
Adajan Road, Surat - 395009, Gujarat, India
MAYUR PETIGARA : 98259 72762
DEVYANI PETIGARA : 990991 6633
::: FIBER TROPHIES :::
140 Rs.
230 Rs.
135 Rs.
140 Rs.
::: WOODEN TROPHIES :::
180 Rs.
180 Rs.
525 Rs.
330 Rs.
::: METAL TROPHIES :::
185 Rs.
650 Rs.
575 Rs.
450 Rs.
550 Rs.
* Note : We also provide wholesale rate for bulk order.


॥ શ્રી ગણેશાય નમઃ ॥
GSTIN : 24A00PP9630B1ZV
Mob. 99782 61719
શ્રી
રાજારામ
નોવેલ્ટી & બુક સ્ટોર
ઓફિસ સ્ટેશનરી ને લગતી
દરેક આઈટમો મળશે.
મેઈન રોડ, વાંકલ, તા. માંગરોળ, જિ. સુરત

સહકાર

સુ. ડિ. કો. બેંક
સ્થાપના - ૧૯૦૯

# ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો. ઓપ. બેંક લિ.

રજી. ઓફિસ : 'શ્રી પ્રમોદભાઈ દેસાઈ સહકાર સદન' જે. પી. રોડ, જૂની આર.ટી.ઓ. પાસે, અઠવાગેટ, સુરત - ૧
(ફોન : ૦૨૬૧-૨૪૬૬૦૦૧, ૨૪૬૬૦૦૨, ૨૪૬૬૦૦૩ - ફેક્સ : ૦૨૬૧ - ૨૪૬૬૦૦૦)
www.sudicobank.com

## સમગ્ર દક્ષિણ ગુજરાતની

## રૂા. ૧૧,૧૧૧/- કરોડ ની

## એકમાત્ર સહકારી બેંક

### તા. ૩૧-૦૩-૨૦૨૩ અંતિત

| | | |
|---|---|---|
| કુલ વ્યાપાર | : | રૂા.૧૧,૨૦૪ કરોડ |
| થાપણો | : | રૂા. ૮,૦૬૭ કરોડ |
| ધિરાણો | : | રૂા. ૩,૧૩૭ કરોડ |
| ફંડો | : | રૂા. ૬૮૦ કરોડ |
| ગ્રોસ નફો | : | રૂા. ૧૩૨ કરોડ |
| નેટ પ્રોફીટ | : | રૂા. ૩૧ કરોડ |
| ગ્રોસ NPA | : | ૧.૯૭ ટકા |
| નેટ NPA | : | ૦ ટકા |

INTERNATIONAL YEAR OF MILLETS 2023

आज़ादी का अमृत महोत्सव

G20 भारत 2023 INDIA

### :: હાર્દિક આભાર ::

સભાસદો, ગ્રાહકો, સુગરમીલો, સેવા સહકારી મંડળીઓ, અન્ય સહકારી સંસ્થાઓ, ચેરિટેબલ ટ્રસ્ટો, કર્મચારીઓ, પ્રજાજનો, શુભેચ્છકો...



શ્રી સુનીલભાઈ એસ. પટેલ
(વાઈસ ચેરમેન)

*Next Generation Agri Bank*

**શ્રી મહાવીરસિંહ પી. ચૌહાણ**
(મેનેજીંગ ડિરેક્ટર)
તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ
અને સુડિકો બેંક પરિવાર



શ્રી બળવંતભાઈ કે. પટેલ
(ચેરમેન)




Chemistry Lab




Botany Lab




Zoology Lab




Microbiology Lab




Physics Lab

# महाविद्यालय गीत : ''त्रि–मूर्ति''

जय हो जय हो, जय हो जय हो,
जय हो जय हो, जय हो जय हो,
विज्ञान महाविद्यालय......।
विद्या का धाम है.... वांकल......।। (२)

आसमान के तले,
पहाडों के बीच,
प्रकृति के इस प्रांगण में...। (२)
आदिवासियों के बीच,
विद्या का धाम है... वांकल......।। (२)

जय हो जय हो, जय हो जय हो,
जय हो जय हो, जय हो जय हो,
विज्ञान महाविद्यालय......।।

मात-पिता गुरु का प्यार देते हो,
जीवन-पथ पर चलना सिखाते हो,
त्रि-मूर्ति के प्रति-रूप हो...। (२)
ज्ञान का दीप जलाते हो...। (२)

जय हो जय हो, जय हो जय हो,
जय हो जय हो, जय हो जय हो,
विज्ञान महाविद्यालय......। (२)
विद्या का धाम है वांकल......(२)

उठा के हमारे अरमानों को,
आसमां तक पहुँचाते हो.
धरती के सितारे बनाते हो...। (२)
जीवन को धन्य बनाते हो...। (२)

जय हो जय हो, जय हो जय हो,
जय हो जय हो, जय हो जय हो,
विज्ञान महाविद्यालय......।
विद्या का धाम है वांकल......।। (२)

रग-रग में हमारे समाये हो,
अंधेरा मन का मिटाते हो,
राही को राह दिखाते हो...। (२)
जीवन को रौशन करते हो...। (२)

जय हो जय हो, जय हो जय हो,
जय हो जय हो, जय हो जय हो,
विज्ञान महाविद्यालय......।
विद्या का धाम है वांकल......।। (२)

त्रि-मूर्ति आपके दुलारे हम,
हाथ में हाथ बांधें चलेंगे हम...। (२)
गम सहेंगे खुशियाँ बांटेगे हम...। (२)
''लोकाः समस्ता सुखिनो भवन्तु''...। (२)
सार्थक करेंगे हम...। (२)

जय हो जय हो, जय हो जय हो,
जय हो जय हो, जय हो जय हो,
विज्ञान महाविद्यालय......।
विज्ञान महाविद्यालय......।

रचयिता : डॉ. अनिल.पी. गामीत (ए.पी)